।। तस्य वाचकः प्रणवः ।।

# ઋતમ્ભરા

આત્મનો હિતાય જગતઃ સુખાય



'યોગ' ભિક્ષા લાવીઓ, 'ભિક્ષુ' બની ગુરુદ્વાર;

મુમુક્ષુ જરૂર પામશે, સૌનો મુજમાં ભાગ.

# અજ્ઞાનજનિત ભ્રમણાઓ

મનુષ્યજીવનના મોટામાં મોટા અને અતિ મહત્ત્વના પ્રસંગો બેઃ (૧) જન્મ અને (૨) મૃત્યુ. આવા બે મહાન પ્રસંગો પણ ચોઘડિયું, મુહૂર્ત, વીંછુડો, કમુરતાં, કાલસર્પ યોગ, તિથિ, વાર કે પક્ષ આદિ કાંઈ જ જોવા રોકાતા નથી, તો પછી એ બંનેની વચ્ચેનો ગાળો - જીવન, તેમાં મુહૂર્ત-કમુહૂર્ત એ બધાંને મહત્ત્વ શા માટે આપવું? પરમ કૃપાળુ પરમાત્મામાંથી શ્રદ્ધા છોડીને તે બધી ભ્રમણાઓને વશ શા માટે થવું ? કાલસર્પ યોગમાં આપણે ત્યાં બાળક જન્મે છે તો શું આપણે તેને નાખી દઈએ છીએ ? અથવા તે શું મરી જાય છે ? કાલસર્પ યોગના દિવસે પણ બસો, ટ્રેનો, પ્લેનો વગેરે બધાં જ પોતપોતાની ફરજો નિયમિત બજાવે છે. એકેયને અકસ્માત નડતો નથી. એથી ઊલટું - એવા પણ સમાચારો અવારનવાર સાંભળીએ છીએ કે ''અમુક મંદિરની ખાતમુહૂર્ત-વિધિ વખતે ભેખડ ધસી પડવાથી પૂજન કરવાવાળા દટાઈને મરી ગયા.'' એ સૌએ કાંઈ મૂરત જોવડાવવામાં કચાશ રાખી હોય છે ? ના.

પરમાત્મા ઉપરની શ્રદ્ધામાં મક્કમ થઈને સર્વ પ્રકારની ભ્રમણાઓમાંથી શીઘ્ર મુક્ત થઈ જઈએ, તો જ ગુરુસંતો સાથેનો સંપર્ક સફળ થયો કહેવાય અને તો જ સાચી સમજણ પ્રાપ્ત કરી કહેવાય.

# કરુણામયી કુદરત

પરમાત્મા પાસે એવી કૃપાની માંગણી કરીએ કે એમણે જે કૃપા કરી છે તેને આપણે બરોબર સમજીએ, ઓળખીએ, અનુભવીએ અને માણીએ. જો આપણને મળેલાં સુખસગવડને આપણે સુખસગવડ તરીકે ઓળખી જ નહીં શકીએ તો આપણને કોઈ જ સુખી નહીં કરી શકે. દરેક સુખસગવડ સાપેક્ષ છે. દેશ, કાળ અને પરિસ્થિતિ પ્રમાણે તેની વ્યાખ્યા પરિવર્તન પામતી જ રહે છે.

કુદરત ખૂબ કરુણામયી છે. તેની વ્યવસ્થા સૌ માટે સુખની જ હોય છે. આપણી વ્યાખ્યા પ્રમાણેનું સુખ આપણને પ્રાપ્ત ન થાય ત્યારે આપણે તેને દુઃખ કહીએ છીએ. પણ કુદરતે તો (આપણી દૃષ્ટિએ) પ્રતિકૂળ પરિસ્થિતિ પણ આપણા કલ્યાણ માટે જ સર્જી હોય છે. મા પોતાના બાળકની પેટપીડ મટાડવા તેને કડવું ઓસડ પિવડાવે છે ત્યારે બાળકને મા દુશ્મન જેવી લાગે છે. પણ તેમાં પણ માની કરુણા જ સમાયેલી હોય છે. તેમ, કુદરત પણ અનુકૂળતા કે પ્રતિકૂળતા, તેને જે ઠીક લાગે તે, વરસાવીને જીવનું કલ્યાણ જ કરતી હોય છે. પણ જીવ પોતાની અજ્ઞાનમયી માન્યતા દ્વારા દુઃખી-સુખી થતો હોય છે.

આ બધી અતિ સૂક્ષ્મ સમજણની વાતો ''વેદાંત'' છે. ''વેદ'' એટલે જાણવું અને જાણવાનો જ્યાં અંત આવી જાય તે વેદાંત. તેમ જીવન અને જીવનના અંત ભાગમાં, જીવનના નિચોડરૂપે જે રજૂ થયેલું તે જ જીવનાંત અર્થાત્ વેદાંત.

જન્મ, મૃત્યુ, બચપણ, યુવાની, બુઢાપો એ તો કુદરતનો ક્રમ છે અને લાભ-હાનિ, યશ-અપયશ, સુખ-દુઃખ, પાપ-પુણ્ય, હર્ષ-શોક વગેરે બધાં, જીવમાત્ર માટે જીવનનો અનિવાર્ય ક્રમ છે. આ તથ્યને-સત્યને યથાયોગ્યપણે સમજવાનો ભરપૂર પ્રયત્ન થવો ઘટે.

- યોગભિક્ષુ

ઋતમ્ભરા

(ઋતમ્ભરા એટલે અનુભવયુકત સત્યથી ભરેલું)
(બહુજનહિતાય - બહુજનસુખાય)
એપ્રિલ - મે - જૂન (ત્રિમાસિક)

VOL - VII ( 97-98 ) ISSUE - IV માનદ્ તંત્રી - નૈષધ વ્યાસ

# પ. પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજીની જીવનગાથા

પ્રવક્તા - યોગભિક્ષુ
સંકલન : નૈષધ વ્યાસ

## રણછોડદાસજી મહારાજનાં દર્શને

દક્ષિણભારતના યાત્રા-પ્રવાસ દરમ્યાન પ. પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી મદ્રાસમાં આદિતબેનને ત્યાં ઊતરેલા. આદિતબેનના અતિ આગ્રહથી પૂજ્યશ્રીએ તેમને ત્યાં ગાયત્રી-મારુતિ હવન કર્યો. હવનમાં શ્રી ભટ્ટભાઈ આવેલા, જેઓ શ્રી રાણછોડદાસજી મહારાજના શિષ્ય છે. હવન પછી તેઓ પૂજ્યશ્રી પાસે સત્સંગ માટે આવ્યા. પૂજ્યશ્રી પાસેથી રાણછોડદાસજી મહારાજની વાતો સાંભળીને ભટ્ટભાઈ ખુશખુશાલ થઈ ગયા અને ખૂબ વધુ વાતો કરવાનો આગ્રહ કરવા લાગ્યા. પણ સમયના અભાવના કારણે વાત વધુ નહીં ચાલેલી. શ્રી ભટ્ટભાઈ ઊઠતી વખતે પૂજ્યશ્રી પાસે આવીને પૂજ્યશ્રીનાં ચરણોમાં મસ્તક મૂકીને ખૂબ ગદ્‌ગદ્ થઈને કહેવા લાગ્યા કે આપ મને આશિષ આપો કે જેથી મને મારા ગુરુદેવનાં સ્થૂળ દેહે દર્શન થાય. મને શ્રદ્ધા છે કે આપની આશિષથી જરૂર થશે.

ઉપરોક્ત વાતના અનુસંધાનમાં પ. પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજીએ પૂજ્ય શ્રી રાણછોડદાસજી મહારાજ સાથેના પ્રસંગોને વિગતવાર કહ્યા -

''શ્રી રાણછોડદાસજી મહારાજે અમુક સમય માટે કાષ્ટ મૌન રાખેલું અને તે સમય દરમ્યાન તેઓશ્રીને અવનવા અનુભવો થયેલા એવું ઘણું બધું મેં સાંભળેલું તેથી તેમને મળવાની ખૂબ ઇચ્છા હતી. વળી બનતાં સુધી શ્રી સદાનંદજી મહારાજે પણ મને તેમને મળવાની ભલામણ કરેલી. તેથી હું તકની રાહ જ જોતો હતો. તેઓશ્રી રાજકોટ રાણછોડવાડીમાં આવવાના છે એમ ખબર પડી એટલે હું ત્યાં પહોંચી ગયો.

''ત્યાં માણસોની ખૂબ ભીડ હતી. એકાંત મળવું મુશ્કેલ હતું. મને ઉતાવળ નહોતી. એક પછી એક મારો પણ દર્શનનો નંબર આવ્યો. નમસ્કાર કરીને મેં મારી વાત કહી અને વધુ વાતચીત માટે એકાંતની વિનંતી કરી. તેથી તેમણે બારણાં બંધ કરીને મને એકાંતમાં વાતો કરવાનો મોકો આપ્યો. યોગની વાતચીતના પ્રસંગે તેઓશ્રીએ કહ્યું કે 'મૈં યોગકે વિષય મેં કુછ નહીં જાનતા. લોગ ઐસે હી મુઝે યોગી કહ દેતે હૈં. મૈં પત્ર મેં આપકો અધિક લિખૂંગા.' હું અમદાવાદ પાછો આવી ગયો.

''શિયાળામાં સાધના માટે ખડિરાવપુરા શ્રી રાઘવજીભાઈની મેડી ઉપર નિવાસ હતો ત્યારે તેઓશ્રીનો એક પત્ર આવ્યો, જેમાં લખ્યું હતું કે આગે કે પત્ર મેં આપકો અધિક લિખા ગયા હૈ. પણ મને તે પત્ર મળેલો નહીં. તેથી મેં લખ્યું કે મને તમારો પત્ર મળ્યો નથી માટે બીજો પત્ર લખો. પછી શું થયું તે બરાબર

યાદ નથી. ત્યાર પછી થોડા સમયે -

''મહારાજશ્રીને મળવા માટે પુષ્કર ગયો. ત્યાં તેઓશ્રીના એક પ્રેમી રહેતા હતા તેથી હું પણ ત્યાં ગયો. બનતાં સુધી તેઓ શ્રી જયંતીભાઈ જોબનપુત્રાના કાંઈ સગા હતા. બે દિવસ તેમના ઘરે જ રહ્યો. સવાર-સાંજ સૌ પ્રેમીઓ મહારાજશ્રીને મળતા ત્યારે હું પણ મળતો. તેઓ મારી સાથે વાતચીત કરતી વખતે મને ''આપ'' કહીને સંબોધન કરતા. તેથી મેં એક વખત તેઓશ્રીને કહ્યું કે મુઝે 'આપ' ક્યોં કહતે હૈં ? 'તુમ' ક્યોં નહીં કહતે ? જવાબ મળ્યો કે 'આપ 'આપ' કહને યોગ્ય લગતે હૈં ઇસ લિએ; ઔર કોઈ બાત નહીં હૈ.' ક્યારેક તેઓશ્રી એક ભાટિયાબેન જોડે આસપાસમાં રહેતા સંતોને વસ્ત્રો વહેંચવા માદરપાટના તાકા લઈને નીકળી પડતા.

''સાધના કરવા મારા માટે અલગ જગ્યાની વ્યવસ્થા વિચારાઈ રહી હતી. તેઓશ્રીએ એક એકાંત જગ્યામાં જ્યાં સાધના કરેલી તેમાં તો અત્યારે કોઈ મહાત્મા રહેતા હતા. તેથી મારા માટે કાલિકાના પહાડ ઉપરની એક એકાંત ઓરડી નક્કી થઈ.

''મને બોલાવીને મહારાજશ્રીએ કહ્યું કે (હિન્દીમાં) આપ કાલથી કાલિકાના ડુંગરવાળી ઓરડીમાં રહેવા જાવ. આપ જે સાધના કરો છો તે જ ત્યાં કરજો. દસ દિવસ સુધીમાં એમ લાગે કે આગળ વધાય છે તો વધુ રોકાઈ જજો અને જો દસ દિવસમાં થોડાય આગળ ન વધાય તો પાછા અમદાવાદ ચાલ્યા જજો.

''બીજે દિવસે જરૂરત પૂરતો સામાન લઈને હું તે સ્થાનમાં પહોંચી ગયો. અહીં પાણીનાં ખૂબ મુશ્કેલી હતી. ક્યાંય પાણી ન મળે. ડુંગરથી નીચે ઊતરીએ તો કૂવાનાં પાણી એટલાં ઊંડાં કે એટલું દોરડું ક્યાંથી લાવવું ? ઓરડીમાં અંદરથી બંધ કરવા સાંકળ હતી નહીં. તેથી દોઢ-બે મણનો એક પથ્થર રાખેલો, જે રાત્રે સૂતી વખતે કમાડ આડો મૂકીને સૂઈ જતો. રાતનું વાતાવરણ ભેંકાર થઈ જતું. સ્થાન સાવ નિર્જન અને હું સાવ અજાણ્યો, તેથી ક્યારેક રાત બહુ લાંબી થઈ પડતી. ઓરડીને એક પણ બારી નહીં. બારણાં બંધ કરીએ એટલે જાણે ભઠ્ઠી, બહાર નીકળીએ તો હિમાલય. એક ભાઈએ ખાસ સૂચના આપેલી કે રાત્રે બહાર ન નીકળશો. ઓરડીના એકદમ ગરમ વાતાવરણમાંથી બહારના એકદમ ઠંડા વાતાવરણમાં આવવાથી શરદી થઈ જશે. એક તો શરદીનો ડર અને બીજું નિર્જન સ્થાન તેથી આપણે તો કમાડ બંધ કર્યાં તે કર્યાં પછી સવારે દસ-અગિયાર વાગ્યે જ ખૂલે. કારણકે સવારે દસ-અગિયાર સુધી મારો સાધનાક્રમ ચાલતો. હાલમાં પણ એ સમય ચાલુ જ છે.

''બપોરે જમવા માટે મૂળ ઉતારે જતો. રાત્રે ક્યારેક ગુલાબની ખૂબ સુગંધ આવતી. તપાસ કરતાં ખબર મળ્યા કે આસપાસમાં ગુલાબના બગીચાઓ છે. પુષ્કરમાં બ્રહ્માજીના મંદિરમાં દર્શન કર્યાં. બ્રહ્માનંદજીના આશ્રમની મુલાકાત લીધી. આ આશ્રમ જોવાની ઘણાં વર્ષોથી તાલાવેલી હતી તે પૂરી થઈ.

''ચાર-પાંચ દિવસ પછી નીચે મૂળ ઉતારે જમવા ગયો તો ખબર પડી કે મહારાજશ્રી હાજર નથી. તે અરસામાં ભારત અને ચીન વચ્ચે લડાઈ ચાલતી હતી. તપાસ કરતાં ખબર મળ્યા કે મહારાજશ્રી અન્ય મહાત્માઓ જોડે ભારત-ચીનની સરહદે ગયા છે. મે પૂછ્યું કે કેમ ? તો જવાબ મળ્યો કે ત્યાં સૌ મળીને દૂધની ધારાવાડી આપશે કે જેથી દુશ્મનો આપણી સરહદમાં આવી ન શકે. આવી બધી વાતો મને નવી અને વિચિત્ર લાગતી હતી. ત્યાર પછી બીજે કે ત્રીજે દિવસે જમવા માટે નીચે આવ્યો ત્યારે ભારત-ચીનની સુલેહની વાતો સાંભળી. ગજબ છે આ બધું રહસ્ય !

''દસ દિવસ સુધી મારી સાધનામાં કંઈ પ્રગતિ થતી ન જોઈ તેથી અમદાવાદ આવી ગયો. ત્યાર પછી ક્યારેય મહારાજશ્રીને મળવાનો મોકો ન મળ્યો.''

## વટલાયા ક્યારે કહેવાઈએ ?

- યોગભિક્ષુ

સ્વામી દયાનંદ સરસ્વતી એક વખત જમવા બેઠેલા ત્યારે એક ભક્તે કહ્યું કે : 'સ્વામીજી! આપ મોચીની રોટલી

જમી રહ્યા છો.' તેમને જવાબ મળ્યો કે : 'ના ભાઈ, હું તો ઘઉંની રોટલી જમી રહ્યો છું.' સ્વામીજી કહેતા કે ભોજન બે રીતે અશુદ્ધ ગણાય - (૧) જો તે હરામની કમાઈનું હોય તો અને (૨) જો તેમાં કોઈ ઝેરી પ્રદાર્થ ભળેલો હોય તો.

ઉપરની વાત, રૂઢપણાને તોડવા માટે સ્વામીજીએ કહેવી પડેલી. એ કાળમાં સદાચાર અને પવિત્રતાનું મૂળ તત્ત્વ વિકૃત થઈને ખોટી છૂઆછૂતે અડ્ડા જમાવેલા. તેથી સરળતા માટે આવી સીધી વ્યાખ્યાની જરૂર પડી. મહર્ષિ પતંજલિએ પણ બાહ્યશૌચ કરતાં આંતર્શૌચને જ અધિક મહત્ત્વ આપ્યું છે. પરંતુ આરોગ્ય-રક્ષા અનાયાસે જ થઈ જાય તે માટે દીર્ઘદ્રષ્ટાઓએ જે નિયમો ભેટ આપ્યા છે તે કમ મહત્ત્વના નથી. 'શરીરં આદ્યં ખલુ ધર્મ સાધનમ્' - ધર્મકાર્ય પણ શરીર દ્વારા જ થઈ શકે છે. માટે આરોગ્યની ઘણી કિંમત છે. આરોગ્યના નિયમોનો ભંગ એ પણ એક પ્રકારનું સૂક્ષ્મ પાપ છે અને તેનું ફળ દુઃખ- દર્દરૂપે ભોગવવું પડે છે. આવી ઝીણી વાતો શીઘ્ર સમજમાં નથી ઊતરતી અને તેથી મનુષ્ય ગફલતમાં રહી જાય છે.

પહેલાંના કાળમાં પરજ્ઞાતિના ઘરની રસોઈ જમનારને કે તેનું પાણી પીનારને વટલાઈ ગયેલો માનતા અને તેનો બહિષ્કાર કરતા, તેની સાથે રોટી-બેટીના બધા જ વ્યવહારો બંધ કરી દેવામાં આવતા. અત્યારે તો આવી વાતો આપણને અતિ વિચિત્ર અને અણગમતી લાગે છે. પરંતુ આવા નિયમોમાં આરોગ્યરક્ષાનું જબરું રહસ્ય સમાયેલું છે. સામાન્ય મનુષ્ય ભય કે પ્રલોભન દેખાડ્યા સિવાય સુખ-શાંતિદાતા નિયમોનું પાલન કરવા તૈયાર થતો નથી, માટે તેને ભય અને પ્રલોભન બતાવીને તે નિયમો આચરવાનો આદેશ અપાય છે. સ્થૂળ-બુદ્ધિ મનુષ્ય વૈજ્ઞાનિક રીતે નથી સમજી શકતો, તેથી તેને ધર્મની રીતે અને સ્વર્ગની લાલચે સદ્‌આચરણ કરવા સમજાવાય છે. અહંકારી અને હઠીલો માણસ સીધી રીતે માનતો નથી તેથી તેને વટલાઈ જવાનો અને જ્ઞાતિ બહાર મૂકવાનો ભય બતાવીને તેની પાસે આરોગ્યના નિયમોનું પાલન કરાવવાનો પ્રયત્ન કરાય છે. આવો પ્રયત્ન પ્રશંસાને પાત્ર કહેવાય.

વર્તમાનકાળમાં ચેપથી થતા રોગોની વાત આપણે તુરત માનીએ છીએ. ઘરમાં કોઈને ટી.બી. થાય છે ત્યારે ડૉક્ટર જ સૂચના આપે છે કે દર્દીનાં કપડાં તથા ખાવાપીવાનાં વાસણો વગેરે જુદાં રાખજો અને બને તેટલો તેનો સંપર્ક દૂરથી રાખજો; નહીં તો ઘરમાં અન્યને ટી.બી. થશે.

આપણા ઘરના સભ્યને કે આપણી જ્ઞાતિના કોઈને ચેપી રોગ થયો હોય તો તેની તો આપણને લગભગ ખબર હોય; તેથી તેમનાથી સાવધાન રહી શકીએ અને તેઓ પણ તે બાબતની કાળજી રાખતા હોય. પરંતુ આપણને દુનિયાભરના માણસોના ચેપી રોગોની ક્યાંથી ખબર હોય? આપણે તો રોગી-ભોગીનું, જાણ્યા-અજાણ્યાનું, હોટલ-લોજનું, ચોર-ડાકુનું, ગંજેડી-ભંગેડીનું, વ્યભિચારી-હિંસાચારીનું બધાયનું - બધાયના હાથનું - બધાયના ઘરનું રાંધેલું ઝાપટવા માંડ્યું છે! આપણી શી દશા થશે ? વળી બચાવમાં સફાઈ તો એવી કરીએ કે "આપણા જઠરાગ્નિમાં તો બધુંય સ્વાહા, આપણને તો પથરાય પચી જાય." પણ જ્યાં જુવાનીનું જોર થોડું તૂટવા લાગે ત્યારે ખબર પડે કે હવે મગનું પાણીયે પચતું નથી.

બીજાના ઘરની રસોઈ કદાચ બહુ મીઠી લાગતી હશે, પરંતુ તે રસોઈ બનાવનારાએ પોતાના શરીર ઉપરની દાદર ખજવાળતાં ખજવાળતાં અને પગ ઉપરના ખરજવાને પંપાળતાં પંપાળતાં ચેપ ભરેલા નખવાળા હાથે કણેક બાંધી હશે તેની આપણને ખબર છે ? દરેક દરેક શરીરનું અમુક તત્ત્વ ભિન્ન હોય છે તેથી દરેક શરીરના પરસેવાની ગંધ જુદી હોય છે. તેથી જ તો પોલીસના કૂતરાને જેનું કપડું સૂંઘાડવામાં આવે છે તેને તે ગોતી કાઢે છે. આરોગ્યરક્ષાના નિયમપાલનના આગ્રહીઓએ સૌએ પોતપોતાની વસ્તુઓ જ વાપરવાનો આગ્રહ પણ રાખવો જોઈએ.

ઘરનાં માણસો રસોઈ બનાવતાં હોય ત્યારે તેમની ભાવના પણ વાત્સલ્યથી ભરપૂર હોય. એવી ભાવના નોકરને કે પારકાને હોય? રાંધતી વખતે સ્વચ્છતાના નિયમોનું પૂરું ધ્યાન રાખવું જોઈએ. જેના એક હોઠ નીચે તમાકુ અને બે

હોઠ વચ્ચે બીડી હોય અને જે પા પા કલાકે ચા ગટગટાવીને મેલા ઘાણ પંચિયાના છેડાથી વારે વારે નાકનું લીંટ સાફ કરતો કરતો, પરસેવાથી રેબઝેબ થઈને રસોઈ બનાવતો હોય તે બિચારા પાસેથી સ્વચ્છતાના નિયમોની કેટલી આશા રાખી શકાય ? દાળ-શાકમાં થોડાં ગોળ-કોકમ અને તેલ-મરચું વધુ ધબકાવીને જીભલડીને ચટકો કરાવે એવી રસોઈ બનાવે એટલે "રધો મારાજ રસોઈની એક્કો હોં, તેની દાળ તો જાણે આંગળાય ચૂસી જઈએ એવી !" આવી રસોઈ જમીને પછી ભલેને બીજે દિવસે પેટમાં ચૂંક ઊપડે કે ઝાડામાં લોહી દદડે !

કપટી લોકો માખણના નામે લચ્છીમાં કેટલો બટર પેપર અને ઘીમાં તથા આઈસ્ક્રીમમાં કેટલી ચરબી ખવરાવી દે છે તથા આગુરજની અસરવાળું કેટલું માખણ ભારતમાં ઘુસાડી દે છે તે બધી વાતો છાપાંઓમાં મોટા મોટા મથાળે ચમકતી હોય છે. તોય બહારનું ખાવાપીવાની આદત છોડવી નથી, ભલે પછી શરીર છૂટી જતું હોય !

સ્નાન કરીને, અમુક જ કપડાં પહેરીને, અમુક જ રીતે રસોઈ બનાવવાનો જે આગ્રહ રખાય છે તેમાં સ્વચ્છતા અને આરોગ્યરક્ષાની જાળવણી સમાયેલી છે. સુધારાવાદીઓએ સુધારાના નામે આરોગ્યરક્ષાના નિયમોનો ઘાણ કાઢી નાખ્યો. આવા બધા પવિત્ર ઉપયોગી નિયમોનો ભંગ કરીને મનુષ્ય એવો વટલાયો, એવો વટલાયો કે અકાળે હાડપિંજર થઈને, અસાધ્ય રોગોનો શિકાર બનીને ભીંતે બાચકા ભરતો થઈ ગયો !

પાકશાસ્ત્ર એ કાંઈ વેદશાસ્ત્રથી ઊતરતું નથી. તમામ પોષક તત્ત્વો જળવાઈ રહે તે રીતે રસોઈ બનાવવાની આવડત પ્રાપ્ત કરવી તે પણ એક મોટી સાધના છે. એવી જાણકારી રાખનારા રસોઈયા જ "મહારાજ" (આરોગ્યરૂપી મહારાજ્ય આપનારા) કહેવાય; બાકીના "મારાજ" (મારા+જ= મારનારા જ) કહેવાય.

અમુક સમાજમાં રેશમી વસ્ત્રો પહેરીને જ પીરસવાનો, જમવાનો અને પૂજાપાઠ કરવાનો આગ્રહ રખાય છે. પણ પીરસનારો વ્યસની કે અખાદ્યભોજી-અપેયપેયી તો નથી ને તેની સાવધાની તેઓ રાખતા હશે ? રેશમી વસ્ત્રો પહેરાવીને જ પૂજાપાઠ કરાવવાનો આગ્રહ રાખનારા, રેશમી વસ્ત્રો બનાવવામાં કેટલી હિંસા થાય છે એની જાણકારી રાખતા હશે ?

હાલનું વિજ્ઞાન જંતુવાદને ખૂબ માને છે. ડૉક્ટરો ઓપરેશન કરતી વખતે જંતુઓ પેસી ન જાય તે માટે પોતાના નાક-મોં પર પટ્ટી બાંધે છે. આ બધા સ્વચ્છતાના નિયમો છે અને તે ખૂબ પળાવા જોઈએ. આરોગ્યના નિયમોનું પાલન કરવામાં બેભાન કે બેપરવા રહીશું તો જરૂર વટલાઈ જવાનાં - જરૂર પટકાઈ જવાનાં, આરોગ્યમાંથી અનઆરોગ્યમાં. અમુક ઘરોમાં તો "આપનિવેદી"નું વ્રત ધારણ કરનાર હોય છે. આપનિવેદી પોતાનું બધું જ કાર્ય - રસોઈ પણ પોતે જાતે કરી લે છે. આ વ્રત પણ આરોગ્યરક્ષા માટેની ઉત્તમ પ્રથા છે; વ્રત લેનારા ભલે આ વાત જાણતા હોય કે ન જાણતા હોય.

છૂઆછૂતની પ્રથા પાછળ પણ આવું જ કાંઈક રહસ્ય છે. પૂર્વકાળમાં જે વ્યક્તિ ખૂબ ગુનાઓ અને પાપ કરે તેનો બહિષ્કાર કરવામાં આવતો. તેનો સ્પર્શ કરવામાં પણ પાપ મનાતું. તેનો સ્પર્શ ન થઈ જાય તે માટે તેને ગામની બહાર રહેવાની ફરજ પડાતી. સમાજની જડતાના કારણે પછી તેનાં નિર્દોષ બાળકો પણ આ સજાનો ભોગ બનતાં. કદાચ આ રીતે અછૂત સમાજ અસ્તિત્વમાં આવ્યો હોય. અત્યારે પણ તે પ્રથા, ભલે જુદા સ્વરૂપે પણ અસ્તિત્વમાં છે જ. જેમકે સરકાર ગુનેગારોને જેલ ભેગા કરી દે છે ને ? એ તેનો એક પ્રકારનો બહિષ્કાર છે. ગુનેગાર, સમાજથી દૂર જેલમાં રહે તો બીજાં તેનાથી બગડતાં બચે. આમ અસલ પ્રથાના મૂળમાં તો કલ્યાણકારી ભાવના જ હોય પણ જતે દિવસે તે રૂઢ બનીને અકલ્યાણકારી બની જતી હોય છે. તેથી સમયે સમયે વિકૃત પ્રથાઓમાં પરિવર્તન કરનારાઓ પણ જાગે છે.

સામાન્યપણે આપણે માનતા હોઈએ છીએ કે ગરમ દેશમાં રહેનારની ચામડી કાળી અને ઠંડા દેશમાં રહેનારની ચામડી ગોરી હોય છે. પરંતુ કેટલીય પેઢીઓથી

આફ્રિકાના નિગ્રો લોકો અમેરિકામાં વસે છે તોય તેમની ચામડી કાળી મેશ જેવી જ છે અને તેમનાં નાક, મોઢું, હોઠ અને વાળમાં પણ કાંઈ જ ફર્ક નથી પડ્યો અને જે અમેરિકનો ભારતમાં વસે છે તેમની ચામડી ગોરી જ છે. આમ કેમ ? બેમાંથી એકેયને દેશની અસર કેમ ન થઈ ? આ દૃષ્ટાંતથી બીજબળની સ્વતંત્ર સત્તાના રહસ્ય વિષે વિચારવું ઘટે.

**આરોગ્યના નિયમનું પાલન ન થાય તોય વટલાઈ જવાય, રૂઢ પ્રથાઓમાં સુધારા ન થાય તોય વટલાઈ જવાય, કામ-ક્રોધ-લોભના હુમલાઓ વખતે પણ વટલાઈ જવાય, એકલા જ સુખ ભોગવવાની કામના જાગે ત્યારે પણ વટલાઈ જવાય, અને દુખિયાને જોઈને કરુણા ન જાગે ત્યારે પણ વટલાઈ જવાય.**

જે વખતે મનુષ્યમાં અતિ કામ-ક્રોધ વ્યાપી જાય છે ત્યારે પણ તે અછૂત બની જાય છે. ત્યારે તેણે સ્નાન કરી લેવું જોઈએ, જેથી શરીરમાં ઠંડક પહોંચે. બાળકનો જન્મ થાય ત્યારે અને મૃત્યુ સમયે વરધી અને સૂતક પળાય છે તેમાં પણ આરોગ્યના નિયમોનું જ પાલન થાય છે. કૂવા, તળાવના પાણીમાં કેટલા બધા જીવો જન્મે છે અને મરે છે ? એ પાણી આપણે પીએ જ છીએ ને ? **જ્ઞાનીઓ તો કહે છે કે મનુષ્ય કાયમ માટે વરધી-સૂતકવાળો જ હોય છે કારણકે તેના ચિત્તમાં રોજરોજ ભિન્ન ભિન્ન મોહરૂપે પુત્ર જન્મે છે અને તેની કરુણારૂપી પુત્રી મૃત્યુ પામે છે.**

સૂતક એટલે સૂ+તક = સારી તક. સૂતકકાળના સૂતકનો સુંદર-પવિત્ર ઉપયોગ કરી લેવો ઘટે. જો એમ ન કરીએ તો એ 'કુતક' બની જાય છે અને પછી તેમાંથી જ કુતર્ક જાગે છે.

સાચી સમજણ પ્રાપ્ત નહીં થાય ત્યાં સુધી વટલેલા જ રહીશું, સમજણજળથી સ્નાન કરીને પવિત્ર થવું જોઈએ.

# ભિક્ષુ-નામકરણ-દિવસનાં સંસ્મરણો

સંકલન : પંકજ શાહ

ઓમ્‌પરિવારના બે ગુરુભાઈઓને મહાશિવરાત્રીના પવિત્ર દિવસે પ. પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજીએ આધ્યાત્મિક નામ આપ્યાં - શ્રી વિનુભાઈ શાહ બન્યા ગુરુપ્રેમભિક્ષુ અને ડૉ. સોમાભાઈ પટેલ બન્યા સદ્‌ગુરુસમર્પણભિક્ષુ. તા. ૩-૫-૮૦ ના રોજ ઓમ્‌ પરિવારના ઉપક્રમે સ્વાધ્યાય-સત્સંગ-મિલનનો કાર્યક્રમ યોજાયો. આ કાર્યક્રમ દરમ્યાન બે બટુકોને યજ્ઞોપવિત-સંસ્કાર આપવામાં આવ્યા અને શ્રી રોહિતભાઈ સુખડિયાને આધ્યાત્મિક નામ અપાયું.

કાર્યક્રમની શરૂઆતમાં જ 'સત્સંગ' અને 'સ્વાધ્યાય' શબ્દોની સમજણ આપતાં પ. પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજીએ કહ્યું કે -

''સત્યનો સંગ કરનારાઓનું મિલન એટલે સત્‌સંગ, એમ બહુ જ સ્પષ્ટપણે સમજાય એવો એ શબ્દ છે. સત્ય શું એ સમજાવે, એનું આચરણ સામાન્ય જીવનવ્યવહારમાં કેવી રીતે કરવું એની યુક્તિ-પ્રયુક્તિ બતાવે એવા મહાત્મા, એવા સંતપુરુષની હાજરી સત્સંગ-મિલનમાં હોય તો એ સોનામાં સુગંધ ભળવા જેવું છે.

''કોઈપણ ભગવત્‌ પ્રવૃત્તિનો આરંભ કરવો, તેવી પ્રવૃત્તિ ચાલતી જ હોય તો એમાં વધુ ને વધુ લોકો ભાગ લેતા થાય એવા આશયથી કોઈ સંત-મહાત્માને આમંત્રણ આપવું અથવા વગર આમંત્રણે, પોતાની ઇચ્છાથી સંતપુરુષ તેમાં હાજર રહે - આ પ્રકારનાં મિલનોને સામાન્ય જનસમજ મુજબ સત્સંગ-મિલન કહેવાય. અસ્તુ.

''સ્વાધ્યાયનો અર્થ છે સ્વનો અધ્યાય. બીજા કોઈનો અધ્યાય નહીં, પરંતુ સ્વનો અધ્યાય કરવાનો છે. સ્વનો અભ્યાસ કરવાનો છે. આપણી 'સ્વાધ્યાય'ની પુસ્તિકામાં જે કાંઈ સાહિત્ય મૂકવામાં આવ્યું છે તે અને

તેનો જે ક્રમ ગોઠવ્યો છે એ બધું સ્વ-અધ્યાયમાં સહાયતા કરે એવી રીતે મૂકવામાં આવ્યું છે, એની પુષ્ટિ કરે એવી એની ગોઠવણ કરી છે. આ બધું કરીને ક્યાં પહોંચી જવાનું છે ? સ્વાધ્યાયમાં, નિજાનંદમાં. કોઈ બાહ્ય ઉપકરણ સિવાય આનંદ લઈ શકીએ, કોઈપણ પ્રકારના બાહ્ય અવલંબન સિવાય આનંદ લઈ શકીએ, અધ્યાય કરી શકીએ, પોતાનું અધ્યયન કરી શકીએ, પોતાનામાં રહી શકીએ એનું નામ નિજાનંદ. નિજાનંદી કોને કહેવાય ? જે નિજનો આનંદ લઈ શકતા હોય; એને આનંદ લેવામાં કોઈ સ્ત્રીની જરૂર ન પડે, એને આનંદ લેવામાં કોઈ પુરુષની જરૂર ન પડે; એને આનંદ લેવામાં સિનેમા જોવા જવાની કે પરદેશ જવાની જરૂર ન પડે; એને આનંદ લેવા માટે કોઈ બાહ્ય સાધનની જરૂર ન પડે. આનંદ લેવા માટે ઈન્દ્રિયોની જરૂર ન પડે અને અંતઃકરણ ચતુષ્ટય એટલે કે મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકારની પણ જરૂર ન પડે. જે મનુષ્ય ઉપરોક્ત સ્થૂળ સાધનોની સહાયતા વિના એમ ને એમ જ આનંદમાં રહે, મસ્તીમાં રહે એને કહેવાય નિજાનંદી, નિજાનંદની મસ્તીવાળો. નિજાનંદ સિવાય બીજા બધા પરાનંદો. પારકાની સહાયથી જે આનંદ લે તે નિજાનંદ નહીં.

''સ્વાધ્યાય એટલે 'સ્વ' નો અધ્યાય અને 'સ્વ' એટલે આત્મા-જીવાત્મા-દ્રષ્ટા. આત્મા માટે જે કાંઈ કરીએ તેને સ્વાધ્યાય કહેવાય. 'પર'માંથી મુક્ત થઈને 'સ્વ'માં સ્થિર થવા માટે જે કાંઈ સૂક્ષ્મ સાધનો સહાયતા કરે તે બધાને સ્વાધ્યાય કહી શકાય. જુદાં જુદાં અધ્યાત્મમંડળો દ્વારા સ્વાધ્યાયમાં સ્થિર થવા માટે જુદા જુદા કાર્યક્રમોની સહાયતા લેવામાં આવે છે. વિવિધ ભજનો, શ્લોકો, સ્તોત્રો, પ્રાર્થના વગેરે બોલીને સ્વાધ્યાય કરવામાં આવે છે. પરંતુ તે સાક્ષાત્ સ્વાધ્યાય નથી, સ્વાધ્યાયમાં સહાયતા કરનાર કાર્યક્રમ છે. એ કાર્યક્રમ પછી જો 'સ્વ'માં સ્થિર થઈ શકીએ તો જ ખરો સ્વાધ્યાય થયો કહેવાય. સ્વાધ્યાય માટે અર્થાત્ સ્વમાં સ્થિર થવા માટે મંત્ર પણ એક અતિ ઉપયોગી સાધન છે. મંત્રો પણ અનંત છે. સ્વાધ્યાય માટે ગાયત્રીમંત્ર ખૂબ સહાયક છે. અમે સ્વાનુભવપૂર્વક કહીએ છીએ કે દીર્ઘકાળ, નિયમપૂર્વક ગાયત્રીમંત્રના જપ કરવાથી બુદ્ધિમાં ખૂબ સૂક્ષ્મતા આવે છે અને તેથી અતિ સૂક્ષ્મ વિષયોને સમજવાની યોગ્યતા પ્રાપ્ત થાય છે. આવી યોગ્યતા પ્રાપ્ત થવાથી યથાર્થ દર્શનની પ્રાપ્તિ થાય છે અને તેથી 'સ્વ'માં સ્થિર થઈ શકાય છે. પ્રાણાયામ અને બ્રહ્મચર્યના પાલનરૂપી તપથી પણ સક્ષમ થયેલું તન-મન 'સ્વ'માં સ્થિર થવાની ક્ષમતાવાળું હોય છે. **આત્મતત્ત્વ વિષેની બધા પ્રકારની સમજણ પ્રાપ્ત કરી લેવી તેનું નામ સ્વાધ્યાય.** અસ્તુ.''

પૂજ્યશ્રીએ આ રીતે સ્વાધ્યાય અને સત્સંગ વિષે તાત્વિક સમજણ આપી. ત્યારબાદ જે બંને બટુકો યજ્ઞોપવિતના સંસ્કાર કરવાના હતા તેમને યોગ્ય આસન પર બેસાડ્યા. બધી ગોઠવણી પૂરી થયા બાદ ઓમ્‌પરિવારના પ્રણાલીગત સ્વાધ્યાયની શરૂઆત થઈ. ઉપસ્થિત ગુરુભાઈબહેનોએ નિષ્ઠાપૂર્વક ગુરુમહિમા અને સદ્‌ગુરુની આરતીનું ગાન કર્યું. આરતી બાદ સ્વાધ્યાયના ક્રમ મુજબ ઓમ્‌નો દીર્ઘ ઉચ્ચાર કરવાનો હતો. દીર્ઘ પ્રણવોચ્ચાર કરતાં પહેલાં તે વિષેની સમજણ આપતાં પૂજ્યશ્રીએ કહ્યું કે -

''ઓમ્ શબ્દ બે અક્ષરો 'ઓ' અને 'મ્' નો બનેલો છે. જેમાં મ્ ખોડો છે. જ્યારે 'ઓમ્'નો ઉચ્ચાર કરીએ ત્યારે એ ઉચ્ચાર માટે લાગતા સમયને બે સરખા ભાગમાં વહેંચી નાખવાનો છે. 'ઓ'ને લંબાવીને બોલતી વખતે હોઠને અડધા સમય સુધી ખુલ્લા રાખવાના છે. અને જેવો 'મ્'નો ઉચ્ચાર શરૂ કરો એટલે હોઠ બંધ કરી દેવાના છે. 'મ્' બોલતી વખતે બંધ થયેલા હોઠ ખૂલી જશે તો એમાં 'અ' ભળી જશે; તો થશે 'મ' (તો આખો મ થઈ જશે). આપણે ખોડા 'મ્'નો ઉચ્ચાર કરવાનો છે, આખા 'મ' નો નહીં. 'મ'નો ઉચ્ચાર ત્યારે જ ન થાય જ્યારે હોઠ બંધ હોય. જ્યારે ઉપર સમજાવ્યા મુજબ 'મ્'નો ઉચ્ચાર થાય ત્યારે જાણેઅજાણે ભ્રામરી પ્રાણાયામ થાય અને આપણે આખા શરીરમાં સ્પંદનો અનુભવીએ. આ રીતે કરેલ 'ઓમ્'નો ઉચ્ચાર ધ્યાનને માટે ઘણો સહાયકારી છે. ધ્યાનમાં બેસતાં પહેલાં આ પ્રમાણે દીર્ઘ પ્રણવોચ્ચાર કરીએ તો બહુ સુંદર, ઘેરું-ગહેરું ધ્યાન થઈ શકે છે. કારણકે ઓમ્‌ના ઉચ્ચારણથી

જે સ્પંદનો થાય છે તે સૂક્ષ્મથી પણ અતિ સૂક્ષ્મ નાડી સુધી પહોંચી, પ્રાણને ત્યાં સુધી પહોંચાડે છે. આથી નાડીની શુદ્ધિ થાય છે અને સુપ્ત શક્તિ જાગૃત થાય છે. નાડીમાં રહેલા તમામ પ્રાણ આખા શરીરમાં પહોંચી જાય છે અને એ પ્રાણથી ધ્યાનમાં બહુ જ સહાયતા થાય છે. **નાડીની જેટલી શુદ્ધતા વધુ એટલું ધ્યાન વધુ સમય માટે અને ઘેરું-ગહેરું થાય છે.**

"દીર્ઘ પ્રાણવોચ્ચાર પછી સ્વાધ્યાય આગળ ચાલે એટલે આપણે એક શ્લોક બોલીએ છીએ - મંત્રાણામ્ પ્રાણવઃ સેતુઃ (ભાવાર્થ - સર્વ મંત્રોમાં પ્રવેશવા માટે ઓમ્ પુલ સમાન છે).જેમ કોઈ નદી ઉપરનું ગામ હોય તો એ ગામમાં જવા માટે નદી ઉપર પુલ રાખેલો હોય છે, જેને સેતુ કહેવામાં આવે છે. એ પુલ ઉપરથી આપણે ગામમાં જઈ શકીએ. એ પુલનો આશરો લીધા વગર ગામમાં ન જઈ શકીએ. તેવી જ રીતે કોઈપણ મંત્રનો આપણે જાપ કરવો હોય, કોઈપણ મંત્રમાં પ્રવેશ કરવો હોય તો ઓમ્‌નો આશરો લેવો પડે. તો, એ રીતે 'ઓમ્' એ સર્વ મંત્રમાં જવા માટે પુલ સમાન છે. ઓમનો આશરો લીધા વગર આપણે કોઈપણ મંત્રમાં પ્રવેશ પામી શકીએ નહીં, કોઈપણ મંત્રમાં સફળ થઈ શકીએ નહીં. તેથી આ શ્લોકમાં કહ્યું કે - મંત્રાણામ્ પ્રાણવઃ સેતુઃ.

"જૂની પરંપરાના માણસો, ઓમ્‌ના મંત્રના જાપ કરવાની ના પાડે અથવા એમની માન્યતા એમ હોય કે 'ઓમ્'નો જાપ સંન્યાસી સિવાય બીજાથી ન થઈ શકે. તો એના ખુલાસા માટે આપણે આપણા સ્વાધ્યાયમાં આ શ્લોક-

ઓમકારં બિંદુ સંયુક્તં નિત્યં ધ્યાયંતિ યોગિનઃ
કામદંમોક્ષદંચૈવ ઓમ્‌કારાય નમો નમઃ

મૂકેલો છે. શ્લોકનો ભાવાર્થ છે - બિંદુથી યુક્ત-સંયુક્ત એવા ઓમ્‌નું યોગીજનો નિત્ય ધ્યાન કરે છે. ઓમ્‌ના જપથી ચારે પ્રકારની જે સિદ્ધિ બતાવેલી છે - ધર્મ, અર્થ, કામ અને મોક્ષ - એની પ્રાપ્તિ થાય છે. અસ્તુ."

પૂજ્યશ્રીએ ઉપરોક્ત સમજણ આપી ત્યાર બાદ સ્વાધ્યાય આગળ ચાલ્યો. સૌએ દીર્ઘ પ્રાણવોચ્ચાર કર્યો અને ગુરુગીતાના શ્લોકો બોલ્યા. ત્યાર બાદ ગાયત્રીમંત્ર, મારુતિમંત્ર વગેરે મંત્રોની ધૂન બોલ્યા. સ્વાધ્યાયની પૂર્ણાહુતિ ધ્યાનથી થઈ. ધ્યાન વિષે પણ પૂજ્યશ્રીએ થોડી મૌલિક વાતો કરી.

"ગાડીમાં મુસાફરી કરતો મુસાફર ગાડીમાં બેઠા પછી પણ જો એનો સામાન માથા પરથી ન ઉતારે તો ગાડીમાં બેસવાનું એને માટે કોઈ રીતે ઉપયોગી ન થાય. ગાડીમાં બેઠા પછી સામાન વ્યવસ્થિત રીતે ગોઠવીને બેસવું એ એક વ્યાવહારિક જ્ઞાન છે. તેવી જ રીતે આપણે જીવનમાં સાચું ધ્યાન ન કરી શકીએ ત્યાં સુધી જે 'અહમ્'નો બોજ છે એ ઊતરતો નથી. ઊંઘમાં પણ અહમ્‌નો બોજ રહે છે. અને અહમ્‌નો બોજ જેટલો વધુ લાગે તેટલી વૃદ્ધાવસ્થા જલદી, બુઢાપો જલદી. એ અહમ્‌ના બોજથી આખા દિવસમાં થોડા સમય માટે પણ જો મુક્ત થઈ શકીએ તો રોજેરોજ કાયાકલ્પ થયા કરે. આપણું શરીર, જે અનેક કોષોનું બનેલું છે, એમાંના જે કોષો નષ્ટ થઈ જાય છે એની પુનઃ પ્રાપ્તિ ક્યારે થાય ? જ્યારે ખાસું ઊંડું ધ્યાન કરીએ ત્યારે. તો, આ ધ્યાનની વાત તો તમારાથી અજાણી નથી. ધ્યાનની મહત્તા આપણા ઓમ્‌પરિવારમાં ઘણી છે. ગાયત્રીમંત્રમાં શેની સ્તુતિ આવે છે ? "હે સર્વવ્યાપક પરમાત્મા, અમે તમારું ધ્યાન કરીએ છીએ." અને એના બદલામાં શું માગીએ છીએ ? બીજું કાંઈ જ નથી ઇચ્છતા, સ્થૂળ કે ભૌતિક પદાર્થોની માંગણી નથી કરતા, પરંતુ સર્વવ્યાપક પરમાત્માને આપણી બુદ્ધિમાં આવવાનું કહીએ છીએ. "હે સર્વવ્યાપક પરમાત્મા, તમે અમારી બુદ્ધિમાં આવો, તમે અમારી બુદ્ધિને પ્રેરો, અમારા જીવનરથના ઘોડાઓની લગામ તમારા હાથમાં લો."

"તો, અહીં ઉપસ્થિત બંને બટુકોએ ગાયત્રીમંત્રનો અર્થ સાંભળ્યો. તેમણે હવે આવતી કાલથી ગાયત્રીમંત્રની એક માળા કરવાની, 'તજ્જપસ્તદર્થભાવનમ્' - અર્થની ભાવના સાથે. દરેક મંત્ર ક્યારે પૂર્ણ ફળદાયી બને છે ? જ્યારે એના અર્થની ભાવના સાથે જપ કરવામાં આવે છે ત્યારે. મહર્ષિ પતંજલિએ શું

કહ્યું ? તજ્જપસ્તદર્થભાવનમ્. (પ્રાણવનો - ઓમ્‌નો) અર્થની ભાવના સાથે જપ કરવો. અને અર્થની ભાવના સાથે જપ કરવાથી શેની પ્રાપ્તિ થાય છે ? પ્રત્યક ચેતનાની. અર્થની ભાવના સાથે જપ કરવાથી પ્રત્યક ચેતનાનો, સર્વવ્યાપક ચેતનાનો સાક્ષાત્કાર થાય છે અને સાધનામાં-જીવનસાધનામાં આવતા અંતરાયોનો અભાવ થઈ જાય છે. અસ્તુ.''

પૂજ્યશ્રીના પ્રવચન બાદ શ્રી નવિનભાઈએ થોડી ધાર્મિક વિધિ કરી. ત્યાર બાદ પૂજ્યશ્રીએ સ્વહસ્તે બંને બટુકોને જનોઈ ધારણ કરાવી. પ્રવચનને આગળ વધારતાં પૂજ્યશ્રીએ કહ્યું કે -

''આ પ્રમાણે યજ્ઞોપવીતની વિધિ પૂરી થાય છે. આ વિધિનો પ્રારંભ થયો આપણા સનતભાઈ ભટ્ટની ઈચ્છાથી અને પ્રાણવ (સનતભાઈનો પુત્ર) પણ એમ કહેતો હતો કે 'મારા ગુરુ તો બાપુ છે. જે દિવસે બાપુ જનોઈ પહેરાવશે તે દિવસે જ મારે તો જનોઈ પહેરવી છે.' ત્રણ-ચાર વર્ષથી આખું કુટુંબ અમને આગ્રહ કરતું હતું પરંતુ અમે એના ઉપર કાંઈ લક્ષ આપેલું નહીં. અમારા મનમાં એમ હતું કે થાકીને, કંટાળીને પ્રાણવના માતાપિતા તેને જનોઈ દઈ દેશે. અમે મોઢેથી ના નહોતા કહેતા પરંતુ આમ ને આમ ત્રણ-ચાર વર્ષ થઈ ગયાં અને પ્રાણવ મોટો થતો જતો હતો. એટલે અમને એમ લાગ્યું કે આ તો એમણે નક્કી કરેલું જ છે એટલે અમારે જ આ યજ્ઞોપવિત-સંસ્કાર કરવા પડશે. તો, આપણા ઓમ્‌પરિવારના આજના કાર્યક્રમમાં આપણે પ્રાણવભાઈના સંસ્કાર કરીએ એમ અમે નક્કી કર્યું. એ આખું કુટુંબ તો રાહ જોઈને જ બેઠું હતું. એમાં આ અજયભાઈ - અમારો ભાણો થાય - ઠાસરાથી આવ્યો છે. એ બહુ ક્રાંતિકારી વિચારો ધરાવે છે, આવું બધું કાંઈ માનતો- કરતો નથી. આવડો મોટો થઈ ગયો હતો છતાં જનોઈ પહેરી નહોતી. એના વિચારો એવા કે 'શા માટે જનોઈ પહેરવી ?!' એનું સમાધાન કોણ કરે ? અમારામાં એનો એવો અનન્ય ગુરુભાવ છે ! મામાભાવ તો છે જ સગપણથી પણ સામાન્ય રીતે ગુરુભાવ જ રાખે છે. અમે એને વાત કરી કે અમારી એવી ઈચ્છા છે કે તું યજ્ઞોપવીત પહેરી લે. આજે સવારે યાદ ન આવ્યું. અડધી વિધિ થઈ ત્યારે યાદ કર્યું. તારો શો વિચાર છે ? તો અજય કહે કે પહેરી લઉં. અમે કહ્યું કે પહેરી લઉં એટલે તારા ઉપર જબરજસ્તી નથી, તારી ઈચ્છા હોય તો. તેણે સંમતિ આપી અને એ રીતે અજયભાઈએ પણ આજે જનોઈ પહેરી લીધી. હવે ત્રીજા સંસ્કાર છે રોહિતભાઈના. ઓમ્‌પરિવાર તરફથી આજે આપણે સૌ રોહિતભાઈને એક આધ્યાત્મિક નામ આપીશું. આ વિધિ આગળ વધારીએ એ પહેલાં એક સુંદર અને પ્રાસંગિક દૃષ્ટાંત યાદ આવ્યું છે તે કહી દઉં.

''એક મહારાજ હતા. બહુ નામના એમની. ફરતા ફરતા એક વાર પોતાના ગામમાં જઈ ચડ્યા. એ વખતે તો યોગીરાજ થઈ ગયેલા, મહારાજ બની ગયેલા, 'બાપુ' તરીકે પંકાઈ ગયેલા. બધા જૂના પરિચિતો ભેગા થયા. મહારાજનાં ખૂબ વખાણ કર્યાં કે - એમણે તો ૭૧ પેઢી તારી, ધન્ય છે એમની માને, એમના પિતાને, એમના ગામને. આમ ખૂબ ખૂબ વખાણ થતાં રહ્યાં. મહારાજને થયું કે આ વખાણમાં કેટલું તથ્ય છે તે તો જાણીએ. એટલે જે સૌ વખાણ કરતા હતા તેમની તરફ જોઈને મહારાજે કહ્યું કે 'તમારો એક પુત્ર મને આપો. હું એને બાપુ બનાવી દઈશ.' આ સાંભળી પેલા વખાણ કરવાવાળા મનમાં ને મનમાં શું કહે છે ? 'અમારો તો દા'ડો ઊઠ્યો છે કે અમારા છોકરાને બાપુ બનાવવા આપીએ ?' હમણાં તો કહેતા હતા કે ફલાણાભાઈએ તો એની ૭૧ પેઢી તારી, તો તમારે તમારી પેઢીઓ - ૭૧ પેઢીઓ નથી તારવી ? નર્કમાં પડી રહેવા દેવી છે ? તો કહે - દા'ડો ઊઠ્યો છે ? બીજા ભલે બાપુ થઈ જાય, યોગીરાજ થઈ જાય.

''તો, વખાણ કરનારાઓ હકીકતમાં આવાં વખાણ કરતા હોય છે! આવી વાહ વાહ કરતા હોય છે ! કોઈ આપણને પૂછે કે - તમારા પુત્રને ડૉક્ટર બનાવી દઉં? તો તુરત જ હા પાડી દઈએ છીએ કે હા, હા; જરૂર ડૉક્ટર બનાવી દો; કારણકે એ પદને આપણે મોટું સમજતા હોઈએ છીએ. પણ જો પૂછીએ કે - તમારા પુત્રને બાપુ બનાવી દઉં? તો મનમાં મનમાં બબડે કે - ''અમારો તો કાંઈ દા'ડો

ઊઠ્યો છે કે અમારા દીકરાને બાપુ બનાવવા આપીએ ? અમારામાં અક્કલ નથી ? તું રેઢિયાળ છો, અમે નથી.'' વગેરે વગેરે. આ તો ''પારકાના ઘરે રાંદલમાં વહેલા વહેલા આવજો'' એના જેવી વાત. બાપુ બાપુ કહીને બીજાનાં જે વખાણ કરતા હોઈએ છીએ એ તો માત્ર અભિનય કે ખુશામત હોય છે. હકીકતમાં આપણા મનમાં 'બાપુ'ની મહત્તા ડૉક્ટર જેટલી પણ નથી હોતી. અસ્તુ.

''નામકરણ એટલે નથી તો આમાં કોઈને સંન્યાસી બનાવી દેવાના, કે નથી તો એમને દીક્ષા આપવાની, કે નથી તો અમારે એમના ગુરુ થવાનું. આ તો ઓમ્‌પરિવારનું વાત્સલ્ય વ્યક્ત કરવાનું નામ છે. એમના જેવા ગુણો છે એવું એમને ઉપનામ મળે, એ ઉપનામથી બોલાવતાં અમને ખૂબ હર્ષ થાય છે. તો, નથી તો તેમને સંન્યાસી બનાવી દેવાના, કે નથી તો તેમને ત્યાગી બનાવી દેવાના, કે નથી તો એમના બૈરી-છોકરાં છોડાવી દેવાનાં, કે નથી તો એમને ઘરમાંથી કાઢી મૂકવાના; એમને એમની મેળે જ એ છોડી દેવું હોય તો અમે રોકી શકીશું નહીં, પરંતુ અમારી એવી ઈચ્છા નથી. અમને તો આ નામથી બોલાવતાં ખૂબ વાત્સલ્ય પ્રગટે છે. અમારું એમને આપેલું આ વાત્સલ્યમય નામ છે. જેમ માતાપિતાનો પુત્ર (બાબલો) મોટો થઈને ડૉક્ટર બની જાય તો પણ તે માતા-પિતા માટે તો ''બાબલો'' જ રહે છે. એનું પ્રેમમય નામ જ મા-બાપને ગમે છે. તેવી જ રીતે આજે આપણે રોહિતભાઈને પ્રેમમય નામ આપવાના છીએ.

''શિવરાત્રીના દિવસે બે નામ તો આપ્યાં હતાં. એક નામ આપ્યું હતું વિનુભાઈ એમ. શાહને કે જેઓ હાલમાં અમેરિકા છે અને ત્યાં ઓમ્‌પરિવારનું કાર્ય સંભાળી રહ્યા છે. એમનો પત્ર હતો કે - પચ્ચીસ માણસો તમારા દર્શન માટે ભારત આવી રહ્યા છે અને એક હજાર માણસ તમારા સ્વાગત માટે તૈયાર થઈને બેઠું છે. આ વાત કહીને અમે એ કહેવા માગીએ છીએ કે કેટલી ધગશથી તેઓ ત્યાં કામ કરી રહ્યા છે ! તેમને અમેરિકા ગયે હજી બે મહિના થયા છે. એક આ લાઈનનો સાવ અજાણ્યો માણસ અમેરિકા જઈને વસ્યો. એને ગયે માત્ર બે જ મહિના થયા. અને એટલા ટૂંકા સમયમાં ઓમ્‌પરિવારનું કેટલું કામ કર્યું ! જે મુખ્ય ઉદ્દેશ્યથી ગયા છે એ ઉદ્દેશ્યમાં પરમાત્મા કેટલી સહાય કરી રહ્યા છે ! તો, એ વિનુભાઈને નામ આપ્યું હતું 'ગુરુપ્રેમભિક્ષુ' અને એ નામનો અર્થ તે દિવસે વિસ્તારથી સમજાવેલો. ગુરુ એટલે ભારે, જે જ્ઞાનની ગરિમાથી ભારે થયેલા છે એવા જે 'ગુરુ' અને એ ગુરુ તરફનો જે પ્રેમ તે ગુરુપ્રેમ. અને ભિક્ષુ એટલે શું? ભિક્ષુ એટલે ત્યાગી. ગુરુ તરફ પ્રેમ કરતાં એ પ્રેમમાં જે કાંઈ આડું આવે એને જે ત્યાગી શકે છે. એમ ખૂબ વિસ્તારપૂર્વક ગુરુપ્રેમભિક્ષુનો અર્થ સમજાવેલો. તો આમ, શિવરાત્રીના દિવસે વિનુભાઈનું નામ આપણે ગુરુપ્રેમભિક્ષુ રાખેલું અને ડૉ. સોમાભાઈ પટેલનું નામ સદ્‌ગુરુસમર્પણભિક્ષુ રાખેલું. ડૉક્ટર સાહેબમાં જે પ્રકારના ગુણો છે એ પ્રમાણે તેમને નામ આપ્યું. એ કાંઈ કહેતા નથી કે 'અમારામાં આવા ગુણો છે' કે નથી દાવો એમને નામ મળે એ અંગેનો. પરંતુ એમના ગુણોની અમને સતત પ્રતીતિ થયા કરે છે તથા અમે ન રહી શક્યા એટલે એમના ઉપર આ બોજ નાખ્યો. બોજ જ કહેવાય ને ?! નામકરણવિધિ થઈ એટલે એ સાવધાન પણ રહી શકે. આ નામકરણને બોજ કહો તો બોજ, સાવધાનીની નિશાની કહો તો સાવધાનીની નિશાની અને ઊંડા અર્થમાં આને દીક્ષા કહો તો દીક્ષા પણ કહી શકાય. પણ અમે દીક્ષાના અર્થમાં કે શિષ્યના અર્થમાં કાંઈ આ વિધિ નથી કરી રહ્યા.

''તો, એક તો ગુરુપ્રેમભિક્ષુ, બીજા સદ્‌ગુરુસર્પણભિક્ષુ અને ત્રીજા રોહિતભાઈ સુખડિયા - ડાકોર. આજે આપ સૌની ઉપસ્થિતિમાં એમનું નામ રાખીએ છીએ ગુરુધ્યાનભિક્ષુ. જેને જે નામ આપવામાં આવ્યું છે, એ એવા છે તેથી એવું નામ આપવામાં આવ્યું છે. એવું નામ મળે તેથી એવા થશે એમ નહીં. આ બે રીત છે - (૧) નામ મળ્યા પછી નામ પ્રમાણે બનવાનો પ્રયત્ન કરે અને (૨) જેવો હોય એવું નામ મળે. તો, ઉપરોક્ત ત્રણ નામ કેવાં છે? તેઓ જેવા ગુણવાળા છે, એને અનુરૂપ એનાં બોધક નામ છે.

''ડૉ. સદ્‌ગુરુસમર્પણભિક્ષુ અહીં આવી આ ચંદ્રક

ગુરુધ્યાનભિક્ષુને લગાડશે. ચંદ્રકમાં લખેલું છે-ગુરુધ્યાનભિક્ષુ, ઉપર નાના અક્ષરે ઓમ્ લખેલો છે અને પાછળ અમારું નામ (યોગભિક્ષુ) છે; અમે નામ આપેલું છે તેથી. તેમાં તારીખ લખી છે ૧૫-૪-૧૯૮૦ કારણકે આમંત્રણ-પત્રિકામાં છપાવેલી તેમાં એમનું નામ નાખી જ દીધું'તું. એ દિવસે એમનું નામકરણ થઈ જ ગયું છે. પરંતુ આજે જાહેરમાં, તમારા સૌની ઉપસ્થિતિમાં એમનો નામકરણ-વિધિ કરીએ છીએ. (ડૉ. સદ્‌ગુરુસમર્પણભિક્ષુ પૂજ્યશ્રીને નમસ્કાર કરી ગુરુધ્યાનભિક્ષુને ચંદ્રક લગાડે છે. ગુરુધ્યાનભિક્ષુ પૂજ્યશ્રીને નમસ્કાર કરી પોતાના સ્થાને બેસે છે અને પૂજ્યશ્રીનો વાણીપ્રવાહ આગળ વહે છે.)

''અમારા દ્વારા નામ પ્રાપ્ત થયેલું હોય એવી વ્યક્તિ, એવો મનુષ્ય તો, જેમ આ ધાર્મિક-આધ્યાત્મિક કાર્યમાં શૂરો હોય તેમ એના વ્યવહારમાં પણ શૂરો હોય; એણે બંને જવાબદારી સંભાળવાની હોય છે. એણે વ્યવહાર છોડીને નાસી જવાનું નથી, વ્યવહારમાં રહીને બધી જવાબદારી સંભાળવાની. અસ્તુ.

''શ્રી રોહિતભાઈનું નામ 'ગુરુધ્યાનભિક્ષુ' શા માટે આપેલું છે ? તેઓ જ્યારે જ્યારે ડાકોરથી અહીં દર્શન કરવા આવે છે ત્યારે ત્યારે અમને નમન કરીને પછી એક બાજુ બેસી જાય, આંખો બંધ કરીને ધ્યાનસ્થ થઈ જાય. આ બધા અમારા ફોટાઓ (મંડપમાં બંધાયેલા ફોટાઓ બતાવીને) જોઈ રહ્યા છો તે એમના સુપ્રયત્નનું ફળ છે. પહેલાં તો કોઈ અમારા ચરણસ્પર્શ કરવા આવે તો અમે તેમ કરવા નહોતા દેતા. અમને જો કોઈ અડી જાય તો સ્નાન કરી લેતા હતા. અમે આટલા બધા કડક નિયમોવાળા હોવા છતાં તેઓ અમારા આટલા બધા ફોટાઓ કઈ રીતે લઈ શક્યા હશે ! આના ઉપરથી તમને સૌને એમના નિરાભિમાની સ્વભાવની કલ્પના આવશે. તો, આપણે વાત ચાલતી હતી - શ્રી રોહિતભાઈ ડાકોરથી અમદાવાદ અમારા દર્શન કરવા આવે તે વખતની. અત્યારે તો આ કમ્પાઉન્ડ-વોલ થઈ એટલે બહાર બેસાય એવું છે. પણ તે વખતે અહીં તારની વાડ હતી તેથી ઘણો કચરો અને ધૂળ ઊડતાં. પણ તોય રોહિતભાઈ ઘરની અંદર આવીને કદી બેસતા નહીં. અહીં બહાર જ, કમ્પાઉન્ડમાં જ આવીને બેસી જાય. તેઓ બેઠા હોય ત્યારે તેમની આંખો હંમેશા બંધ જ હોય. ભલે બપોર હોય, ધોમ ધખતો હોય, માથે તાપ હોય; કે રાતનો સમય હોય અને ખૂબ ઠંડી હોય, તેઓ બહાર જ બેઠા હોય. ઘરમાંથી કોઈ કહે કે, 'પ્રસાદનો સમય થઈ ગયો છે રોહિતભાઈ, તો ચાલો.' તો જ રોહિતભાઈ અંદર આવે. પ્રસાદ લઈને પાછા આંખો બંધ કરીને બેસી જાય, વાતચીત કરે જ નહીં. માથે તડકો આવે ત્યારે કહેવું પડે કે ખાટલો ઉપાડીને છાંયડે મૂકો અને ત્યાં બેસો. આપણા ઓગ્ પરિવારમાંથી કોઈપણ ડાકોર જાય અને રોહિતભાઈને મળીને જયનારાયણ કરે એટલે તેઓ સમજે કે આ મારા ગુરુજીનો માણસ; પછી કંઈ પૂછવાનું ન રહે. એમનાથી જે કાંઈ બની શકે એ રીતે તેઓ જયનારાયણ કહેનારનું સ્વાગત કરે. ક્યારેક રોહિતભાઈ અમદાવાદ આવે ત્યારે સૌને થાય કે 'ગુરુજીને ત્યાં રોહિતભાઈ આવ્યા છે તો તેમને આપણા ઘેર લઈ જઈએ અને તેમની આગતાસ્વાગતા કરીએ.' પણ રોહિતભાઈ કોઈના ઘેર જાય નહીં. કહે 'ક્યારેક પ્રસંગ હશે અને ગુરુજી આવશે તો એમની સાથે આવીશ.' ગુરુજીને નિમિત્ત કરી બીજાઓ અનેક પ્રકારના સ્વાર્થો સાધવાના અને અનેક પ્રકારના ભૌતિક દૃષ્ટિકોણોને સિદ્ધ કરવાના પ્રયત્નો કરે; વેપારીવૃત્તિ, જે અનેક મનુષ્યોમાં આવી ગયેલી છે એનું નામનિશાન રોહિતભાઈમાં ના મળે. એમના વિચારો કેવા ? તમે સૌ મારે ત્યાં જરૂર આવો પણ હું ગુરુજીને ત્યાં આવ્યો હોઉં ત્યારે કોઈને ત્યાં જવાનો નહીં. મારે ગુરુજી સાથે નિસ્બત છે. તમે ગુરુજીના છો એથી મારે ત્યાં આવો છો. તમે મને તમારે ત્યાં બોલાવતા હો તો પ્રસંગ હશે અને ગુરુજી આવતા હશે તો તેમની આંગળી ઝાલીને આવીશ. આવા તો એમના વિચારો. તેમના વિચારો વિષે આટલું લાંબું લાંબું તો અમે કહી રહ્યા છીએ, એ તો એવું કશું જ કહેતા નથી. એ તો બે હાથ જ જોડે અને આંખ બંધ કરીને બેસી જાય.

''આંખો બંધ કરીને જ બેસી રહે છે તેથી 'ગુરુધ્યાનભિક્ષુ'. ગુરુના ધ્યાનમાં જે જે કાંઈ રુકાવટો આવે

એ બધાને એક લાતે ઉડાડી દે, એ બધાને એક ઝાટકે કાપી નાખે એવા ભિક્ષુ. ભિક્ષુ એટલે ત્યાગી, ભિક્ષુ એટલે સંન્યાસી.

હઠાભ્યાસો હી સંન્યાસો નૈવ કાષાય વાસસા

અર્થ : યોગનો અભ્યાસ કરવો એનું નામ સંન્યાસ છે, માત્ર ભગવાં કપડાં પહેરી લેવાં એ કાંઈ સંન્યાસ નથી. તો આમ, ગુરુધ્યાનભિક્ષુ કેવા ભિક્ષુ, કેવા સંન્યાસી ? ગુરુના ધ્યાનમાં વચ્ચે જે જે અડચણો આવે એને એક લાતે ઉડાડી મૂકે; અથવા તો એવું ધ્યાન કરનારા, જે ધ્યાન 'ગુરુ' ધ્યાન હોય, 'લઘુ' ધ્યાન નહીં. પોતે કેવું ધ્યાન કરી રહ્યા છે? 'ગુરુ'. ગુરુ કહેતાં કોઈ વ્યક્તિનું નહીં, કોઈ ભૌતિક વસ્તુનું નહીં, કોઈ ઐશ્વર્યનું નહીં પણ ગુરુધ્યાન, ભારે ધ્યાન, જે વધુમાં વધુ કીમતી છે તેવું ધ્યાન. તેવું ધ્યાન કરી રહ્યા છે એથી તે ગુરુ-ધ્યાન-ભિક્ષુ. અમે તમને સૌને તેમનો થોડો પરિચય આપ્યો. તેમને જે કહેવાનું છે તે તેઓ જ કહેશે."

## હું છું હરિમાં, હરિ છે મુજમાં

(શ્રી ગુરુધ્યાનભિક્ષુજીનું ઉદ્‌બોધન)

સત્યગુરુદેવ કી જય. ધર્મગુરુદેવ કી જય.

પરમ પૂજ્ય પરમાત્મા સ્વરૂપ ગુરુદેવ તથા સારોય ઓમ્‌પરિવાર.

સારોય ઓમ્‌પરિવાર એટલે કે આખુંય બ્રહ્માંડ. જીવનમાં એમ લાગે છે કે બોલવા કરતાં સાંભળવામાં વિશેષ આનંદ છે; અને સાંભળવા કરતાં જ્યારે ગુરુજીના સાંનિધ્યમાં શાંત બેસી રહીએ છીએ ત્યારે એનાથીય વિશેષ આનંદ મળતો હોય છે. પરંતુ ક્યારેક બોલવાનો પ્રસંગ થઈ જાય છે. ઈશ્વરેચ્છા બલિયસી.

જગતમાં આપણે જેને શોધી રહ્યા છીએ એ, સંતો કહે છે કે તમારી અંદર છે અને તે તમે પોતે છો. "જગતમાં તમે શોધી રહ્યા છો એ તમારી અંદર છે; અને તે તમે પોતે છો." આવો ગુરુમહિમા જ્યારે આપણે જાણીયે છીએ ત્યારે એમ લાગે છે કે આપણે ખરેખર આપણા સ્વરૂપને ભૂલ્યા છીએ. આપણે આપણાં બંધનો જાતે ઊભા કર્યાં છે. આપણી મર્યાદાઓ આપણે પોતે ઊભી કરેલી છે. અને એ બંધનો-મર્યાદાઓને કારણે આપણે આપણાં સ્વરૂપને ભૂલ્યા છીએ. જગતમાં આપણે ઈશ્વરને શોધી રહ્યા છીએ, ભગવાનને શોધી રહ્યા છીએ. પરંતુ જેને શોધી રહ્યા છીએ એનું સ્વરૂપ શું છે એ આપણને ખબર નથી છતાં આપણે શોધવાનો પ્રયત્ન કરી રહ્યા છીએ. તેથી પહેલાં તો જેને શોધવા છે એનું સ્વરૂપ જાણી લેવું જોઈએ. એ કેવા સ્વરૂપના છે ? ઈશ્વર એ તો વિશિષ્ટ ચૈતન્ય છે, વિશેષ ચૈતન્યનો એક સાગર છે; અને આપણે પાણીનું એક બુંદ છીએ. એક પાણીનું બુંદ જાણે સાગરને શોધવા નીકળે છે. આખો સાગર ઘૂમી વળે છે અને જ્યારે જ્ઞાન લાધે છે ત્યારે એને ખબર પડે છે કે હું સાગરમાં છું અને સાગર મારામાં છે. સાગરને સૂક્ષ્મ કરતા જઈએ એટલે એ પાણીનું બુંદ બની જાય છે. આ રીતે પાણીના બુંદને સત્યની ખબર પડે છે કે હું સાગર છું અને સાગર મારામાં છે. તે જ રીતે આપણે હરિને શોધવા માટે નીકળી પડ્યા છીએ. પરંતુ જેમનો સ્વાનુભવ છે, જેમણે ઈશ્વરનો સાક્ષાત્કાર કરેલો છે તે સંતો કહે છે :

"હું છું હરિમાં, હરિ છે મુજમાં."

હરિને બહાર શોધવાની કંઈ જ જરૂર નથી. કારણકે હરિ એટલે કે ઈશ્વર, એટલે બ્રહ્મ; એ તો અણુએ અણુમાં વ્યાપ્ત છે, ચૈતન્યરૂપે છે, ચૈતન્યરૂપે વિલસી રહ્યો છે, પ્રગટરૂપે છે, અપ્રગટરૂપે છે. આપણામાં પ્રગટરૂપે છે. રસ્તામાં એક માટીનું ઢેફું પડ્યું હોય, એ માટીના ઢેફામાં સભાનતા આવી જાય કે હું માટીનું ઢેફું છું. એ સભાનતા આવી જાય છે તેને આપણે વિશેષ ચૈતન્યનો અંશ કહીએ છીએ - આત્મા રૂપે. પરમાત્મા સાગર છે. આપણે પાણીનું બુંદ અને એમાં આત્મારૂપે એનો જે અંશ છે એ જ પ્રગટરૂપે છે. અને એના પ્રકાશમાં જ પંચમહાભૂતરૂપી માટીનો આ દેહ કામ કરી રહ્યો છે, એના પ્રકાશમાં સક્રિય બની રહ્યો છે. આપણું મન પણ એક જડ વસ્તુનું સૂક્ષ્માતિસૂક્ષ્મ રૂપ છે; બિલકુલ સૂક્ષ્મ છે પરંતુ એ જડ છે. જડ વસ્તુ કેવી રીતે કામ કરી રહી છે ? જે આત્મા, જેને પરમાત્માનો અંશ કહીએ છીએ એના પ્રકાશમાં બધું સક્રિય બની રહેલું છે.

આપણે કહીએ છીએ કે સંત પુરુષો ઈશ્વરનો

સાક્ષાત્કાર કરે છે. ઈશ્વરનો સાક્ષાત્કાર કરે તેનો અર્થ શું હોય છે ? તેઓ ઈશ્વરને પોતાનામાં પ્રગટાવે છે. ઈશ્વરનો સાક્ષાત્કાર કરવો એટલે ઈશ્વરને પોતાનામાં પ્રગટાવવો; એટલે કે જે સદ્‌ગુણોની વાત કરીએ છીએ - ટૂંકાણમાં બે શબ્દોમાં કહીએ તો 'સત્ય' અને 'ધર્મ' - તેને પોતાના જીવનમાં પ્રગટાવી રહ્યા છે. આપણે રામને ભજીએ છીએ. પરંતુ એ રામ થઈ ગયા પહેલાં પણ રામ શબ્દ હતો. કારણકે 'રામ' શબ્દ હતો તો તેમનું નામ રામ પડ્યું. જો એનું આપણે મૂળ જોવા જઈએ તો એનું મૂળ આતમમાં આવે છે, એ આતમરામની વાત આવે છે. તો, જગતમાં જેને શોધવાનો છે એ આપણી અંદર છે અને આપણે પોતે છીએ.

હવે જ્યારે આ જ્ઞાન આપણને ગુરુદેવના સત્સંગમાંથી મળે છે ત્યારે આપણે એક વસ્તુનો ખ્યાલ રાખવાનો હોય છે કે 'હું લઘુ છું'. એ જ્ઞાન 'ગુરુતા'ની નિશાની છે. કારણકે માનવી જ્યારે નમ્ર બની જાય છે ત્યારે એને લાગે છે કે આ બ્રહ્માંડમાં પોતે કશું જ નથી. ત્યારે એને એમ થાય છે કે હું એટલે કોણ ? કોણ હું છું, ક્યાંથી આવ્યો, ક્યાં જવાને માટે? એટલે કે પોતાના સ્વરૂપની આપણને ખબર પડે છે કે એ વિશેષ ચૈતન્યનો અંશ આપણામાં હાજર છે, પ્રગટરૂપે હાજર છે અને એટલે આપણું અસ્તિત્વ છે. હું લઘુ છું - નાનો છું, જગતમાં બીજા બધા મારાથી મોટા છે એવી નમ્રતા જીવનમાં આવવી એ ગુરુતાની નિશાની છે. અને જ્યારે આ જ્ઞાન પોતાને થાય છે ત્યારે ગુરુદેવ કહે છે : ''જગતની કોઈ તાકાત લઘુને ગુરુ બનતાં રોકી નહીં શકે, 'લઘુ', 'ગુરુ' બનીને જ રહેશે.''

લઘુ, ગુરુ બનીને જ રહેશે - મતલબ કે આપણને એ ખ્યાલ હોવો જોઈએ કે આપણે લઘુ છીએ. આપણે બધાની સાથે નમ્રતા રાખવાની છે. આપણે જીવનની એક એક ક્ષણ ગુરુધ્યાન કરવાનું છે. ગુરુ ધ્યાન એટલે મોટું ધ્યાન, વિશેષ ધ્યાન. પાણી પીતી વખતે એ વાતનો ખ્યાલ રાખવાનો છે કે 'હું પાણી પી રહ્યો છું' એ શું ક્રિયા બની રહી છે ? પાણી હું ચૈતન્ય-પરમાત્માને પીવડાવી રહ્યો છું. હું જ્યારે જમી રહ્યો હોઉં ત્યારે એવો પ્રશ્ન કરવાનો છે કે હું જમી રહ્યો છું એટલે શું ? હું ચૈતન્ય-પરમાત્માને જમાડી રહ્યો છું. જ્યારે આપણે રસ્તા ઉપર ચાલતા હોઈએ ત્યારે આપણે ખ્યાલ રાખવો જોઈએ કે કોઈ જીવજંતુ આપણા પગ નીચે આવી જતું નથી ને. તેથી આપણાં કાર્યો, આપણું જીવન ખૂબ જ સુંદર બની જાય છે. ગુરુધ્યાનનો બીજો અર્થ છે, ગુરુ માટે ધ્યાન. કારણકે ગુરુની ચરણરજની અંદર આખું જગત સમાયેલું હોય છે. સમસ્ત જગતનું ઐશ્વર્ય એમનાં ચરણોમાં છે. એવા ગુરુદેવને કશાની અપેક્ષા નથી હોતી. આપણે તેમને મળવા જઈએ તોય ભલે અને ન જઈએ તોય ભલે. કારણકે તેઓ તો આખા જગતથી ઉપરામ થઈ ચૂકેલા હોય છે. રિદ્ધિસિદ્ધિથી ઉપર નીકળી ચૂકેલા હોય છે. આપણી કોઈ વસ્તુનો તેઓ સ્વીકાર કરતા હોય છે તે એટલા માટે કે જેથી આપણી ભાવના પોષાય. અસ્તુ.

હવે મને જે નામ આપવામાં આવ્યું છે એ માટે ઈશ્વરને પ્રાર્થના કરું છું કે મારા જીવનની દરેકેદરેક ક્ષણ મને એ વાતની યાદ આપે કે હું લઘુ છું. એનું સ્મરણ કાયમ માટે રહે.

સત્યગુરુ દેવ કી જય, ધર્મગુરુદેવ કી જય.

શ્રી ગુરુધ્યાનભિક્ષુજીના ઉપરોક્ત ઉદ્‌બોધન બાદ કાર્યક્રમની પૂર્ણાહુતિ થઈ અને આ રીતે ઓમ્‌પરિવારમાં એક ભિક્ષુનો વધારો થયો. અસ્તુ.

## ઓમ્-ઈશ્વર ક્લેશ, કર્મ, કર્મફળ અને વાસનાથી નિત્યમુક્ત છે

- યોગભિક્ષુ

પતંજલિ મુનિએ યોગદર્શનના સમાધિપાદમાં ઈશ્વરની વ્યાખ્યા કરતાં કહ્યું કે-

ક્લેશકર્મવિપાકાશયૈરપરામૃષ્ટઃ પુરુષવિશેષ ઈશ્વરઃ અર્થાત્ ક્લેશ, કર્મ, કર્મફળ અને વાસનાથી જે મુક્ત છે તે પુરુષવિશેષ અર્થાત્ વિશેષ ચૈતન્ય તત્ત્વ ઈશ્વર છે અને તેનું નામ ઓમ્-પ્રાણવ છે.

ક્લેશ, કર્મ ઇત્યાદિ શું છે ? ક્લેશઃ- અવિદ્યા, અસ્મિતા, રાગ, દ્વેષ અને અભિનિવેશ; એ પાંચ ક્લેશ છે. કર્મઃ- કર્મ ચાર પ્રકારનાં છે; પુણ્યવાળાં, પાપવાળાં, પુણ્ય-પાપથી મિશ્રિત અને પુણ્યપાપથી રહિત. વિપાકઃ-કર્મનાં ફળોનું નામ વિપાક છે. આશયઃ- કર્મ-સંસ્કારોના સંચયનું-સમુદાયનું નામ આશય છે.

ઈશ્વરનો ઉપરોક્ત ચારેયથી ન સંબંધ હતો, કે ન સંબંધ છે, કે નથી સંબંધ હોવાનો; તેથી ઈશ્વર ''પુરુષવિશેષ'' છે. મુક્ત પુરુષો તો પહેલાં આ ચારેયના બંધનમાં હતા અને પછી મુક્ત થયા તેથી તેઓ ''પુરુષવિશેષ'' નહીં. ઈશ્વર તો નિત્યમુક્ત તેથી તે ''પુરુષવિશેષ''. ફક્ત ''પુરુષવિશેષ ઈશ્વરઃ'' એટલું જ જો ધ્યાનમાં લઈએ તો કોઈપણ પ્રકારની વિશેષતાવાળા પુરુષને ઈશ્વર કહેવો પડે. પરંતુ ઈશ્વર તો એક જ છે. જો અનેક ઈશ્વર હોય તો જગતમાં અવ્યવસ્થા થઈ જાય. જગત કેટલું સુવ્યવસ્થિત છે! કેટલું સુંદર! પશુ-પક્ષી-મનુષ્ય, ઝાડ-પાન, પથ્થર-પહાડ, નદી-નાળાં, સૂર્ય-ચંદ્ર-તારા-આકાશ; જ્યાં જુઓ ત્યાં ક્રમબદ્ધતા, નિયમબદ્ધતા.

લીમડો વાવીએ તો લીમડો જ, થોરિયો વાવીએ તો થોરિયો જ અને ગોટલી વાવીએ તો આંબો જ થાય. ગોટલીમાંથી લીમડો કે થોરિયો કેમ ના થયો? જેનું બીજ હતું તેમાંથી તેનું જ ઝાડ થયું. સત્કર્મ કરીએ તો સુખ અને અસત્કર્મ કરીએ તો દુઃખ મળે. આ બધું કરનાર કોણ? આ બધું કરનાર કોઈક જરૂર છે, તેનું નામ ઠીક પડે તે આપીએ. તેને ઈશ્વર, કે પરમાત્મા, કે પરમતત્ત્વ, કે પરમસત્તા, કે પરમચૈતન્ય, કે જે યોગ્ય લાગે તે કહીએ; પરંતુ તેનો સ્વીકાર જરૂર કરવો જ પડશે. તેને માન્ય નહીં રાખીએ તો તેનું કશું બગડી જવાનું નથી. જો માનીશું તો આપણા મનનું સમાધાન થશે; સમાધાનથી સુખ અને શાંતિ મળશે, ઘણા બધા પ્રશ્નો અને ઘણી બધી શંકાઓનું નિરાકરણ થશે.

પતંજલિ મુનિ જેને ઓમ્-પ્રાણવ નામથી સંબોધી રહ્યા છે તે તત્ત્વની સાબિતી કઈ રીતે થશે? આ રીતે થશે - જગતમાં જે કાંઈ વ્યવસ્થા પ્રવર્તે છે તે વ્યવસ્થાપક વિના ના હોઈ શકે; નહીં તો કોઈ એ આંબો વાવ્યો હોય તેમાંથી બાવળિયો થઈ જાય. તો શા માટે કોઈ આંબો વાવે? પુણ્યકર્મના ફળરૂપે જો દુઃખ મળે તો શા માટે કોઈ પુણ્યકર્મ કરે? તો કર્મના સિદ્ધાંતની શાસ્ત્રમાં આવતી વાત કે ''જેવું કાર્ય કરે તેવું ફળ મળે'' તે ફોક થઈ જાય. શાસ્ત્રોમાં મોટા ભાગે વિધિ અને નિષેધનું વર્ણન છે. જે કર્મો કરવાની શાસ્ત્રોએ છૂટ આપી હોય તે ''વિધિ'' કહેવાય અને જેની મનાઈ ફરમાવી હોય તે ''નિષેધ'' કહેવાય. ઈશ્વરને માન્ય રાખવાથી વિધિ-નિષેધનું પ્રતિપાદન અને પ્રતિપોષણ કરનારાં શાસ્ત્રોને પણ સમર્થન મળે છે અસ્તુ.

જે કોઈ ઈશ્વર થઈ બેઠા છે, પોતાને ઈશ્વર ગણાવે છે તેમનામાં ક્લેશો છે? જો હા, તો આ સૂત્રની કસોટીએ તે ઈશ્વર નથી. કદાચ કોઈ એવા પણ જોવામાં આવે કે તેમનામાં ક્લેશ ન હોય. તે કહેશે કે અમારામાં ક્લેશ નથી તો અમે ઈશ્વર ખરા કે નહીં ? તો આ સૂત્રને ફરી તપાસીએ. સૂત્ર કહે છે કે ઈશ્વરમાં ક્લેશેય નથી, કર્મેય નથી. કહેવાતા ઈશ્વરને તો સવારથી સાંજ સુધી કર્મ કરવાં પડે છે. જો તે કર્મ ના કરે તો જીવી જ ના શકે; માટે તેઓ ઈશ્વર નથી. પણ કદાચ કોઈ એવો મળી આવે કે જેનામાં ક્લેશ કે કર્મ, એકેય ના હોય; તો પછી કર્મોનાં ફળો તો ના જ હોય ને. પછી રહી વાસનાની વાત. ઈશ્વરમાં વાસના પણ નથી. આ ચારેય દ્વારા ઈશ્વરની ચકાસણી કરી શકાય છે.

સમાધિપાદના આ ચોવીસમા સૂત્રથી માંડી ઓગણત્રીસમા સૂત્ર સુધી પતંજલિ મુનિએ ઓમ્નામા ઈશ્વરની વ્યાખ્યા કરી છે. કદાચ આ સૂત્રના આધારે કોઈ કહે કે ક્લેશ આદિમાંથી એક પણ મારામાં નથી તો હું ઈશ્વર ખરો કે નહીં ? ના, તો પણ નહીં. આગળનું સૂત્ર વધુ સ્પષ્ટતા કરી રહ્યું છે જે ફરી ક્યારેક વિસ્તારપૂર્વક સમજીશું. અસ્તુ.

# ઓ. પ્રે. પ. ટ્રસ્ટને માધ્યમ બનાવી પ્રોજેક્ટ-લાયબ્રેરી અંતર્ગત પુસ્તકાલયોને સ્પોન્સર કરનારાઓની યાદી

| ક્રમાંક | નામ | પુસ્તકાલયોની સંખ્યા |
|---|---|---|
| ૧) | શ્રી અશોકકુમાર આર. પરમાર | ૧૦ |
| ૨) | શ્રી રઘુવીરસિંહ નિર્મલસિંહ ગોહિલ | ૧૦ |
| ૩) | પરફેક્ટ બોરીંગ વર્કસ | ૧૦ |
| ૪) | સુરત ગેરેજ કું. | ૯ |
| ૫) | શિવ ટ્રાન્સપોર્ટ કું. | ૯ |
| ૬) | વિજય ઓટોમોબાઈલ્સ | ૯ |
| ૭) | ડૉ. સદ્‌ગુરુસમર્પણભિક્ષુ | ૬ |
| ૮) | શ્રી ભાસ્કરભાઈ સોનેજી | ૬ |
| ૯) | શ્રી પંકજભાઈ જે. શાહ | ૪ |
| ૧૦) | શ્રી ભરત ડી. પરીખ | ૪ |
| ૧૧) | શ્રી હંસાબેન ડી. વ્યાસ | ૪ |
| ૧૨) | શ્રી મહેન્દ્રભાઈ એન. પટેલ | ૪ |
| ૧૩) | શ્રી મીનીષ બી. પટેલ | ૨ |

# પ્રોજેક્ટ-લાયબ્રેરી હેઠળ આવરી લેવાયેલ પુસ્તકાલયોની યાદી

## . (ગતાંકથી ચાલુ)

૨૦૪૬ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. ખાપરીયા, તા. નસવાડી,
જિ. વડોદરા.

૨૦૪૭ સાર્વજનિક પુસ્તકાલય
મુ.પો. સોઢલીયા, તા. નસવાડી,
જિ. વડોદરા.

૨૦૪૮ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. પીપલજ, તા. નસવાડી,
જિ. વડોદરા.

૨૦૪૯ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. જેમલગઢ, તા. નસવાડી,
જિ. વડોદરા.

૨૦૫૦ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. આમરોલી, તા. નસવાડી,
જિ. વડોદરા.

૨૦૫૧ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. ખેરડી, તા. નસવાડી,
જિ. વડોદરા.

૨૦૫૨ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. ખોડીયા, તા. નસવાડી,
જિ. વડોદારા.

૨૦૫૩ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. ઝરખલી, તા. નસવાડી,
જિ. વડોદરા.

૨૦૫૪ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. સીમેલ, તા. નસવાડી,
જિ. વડોદરા.

૨૦૫૫ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. વ્યાદાર, તા. તિલકવાડા,
જિ. વડોદરા.

૨૦૫૬ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. જલોદરા,
તા. તિલકવાડા, જિ. વડોદરા.

૨૦૫૭ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. કારેલી, તા. તિલકવાડા,
જિ. વડોદરા.

૨૦૫૮ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. લીમપુરા, તા. તિલકવાડા,
જિ. વડોદરા.

૨૦૫૯ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. કામરોલી,તા. તિલકવાડા,
જિ. વડોદરા.

૨૦૬૦ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. દાભિયા, તા. તિલકવાડા,
જિ. વડોદરા.

૨૦૬૧ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. ગુંડીયા, તા. સંખેડા,
જિ. વડોદરા.

૨૦૬૨ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. ચિખોરા, તા. સંખેડા,
જિ. વડોદરા.

૨૦૬૩ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. રુઘનાથપુરા, તા. સંખેડા,
જિ. વડોદરા.

૨૦૬૪ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. જાનીપુરા, તા. સંખેડા,
જિ. વડોદરા.

૨૦૬૫ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. કંબોઈ, તા. સંખેડા,
જિ. વડોદરા.

૨૦૬૬ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. પાણેજ, તા. સંખેડા,
જિ. વડોદરા.

૨૦૬૭ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. દેસાણ, તા. સંખેડા,
જિ. વડોદરા.

૨૦૬૮ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. ઘેલપુર, તા. સંખેડા,
જિ. વડોદરા.

૨૦૬૯ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. ચારોલી, તા. સંખેડા,
જિ. વડોદરા.

૨૦૭૦ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. ગુડિર, તા. સંખેડા,
જિ. વડોદરા.

૨૦૭૧ સાર્વજનિક પુસ્તકાલય
સરદાર ચોક
મુ. પો. શેરથા,
તા. જિ. ગાંધીનગર,
પીન -૩૮૨૪૨૩.

૨૦૭૨ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. મુલધર,
તા. જેતપર-પાવી,
જિ. વડોદરા.

૨૦૭૩ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. ધરોલીયા,
તા. જેતપર-પાવી,
જિ. વડોદરા.

૨૦૭૪ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. સાલોજ,
તા. જેતપર-પાવી, જિ. વડોદરા.

૨૦૭૫ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. લીંબાણી,
તા. જેતપર-પાવી, જિ. વડોદરા.

૨૦૭૬ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. ઊમરવા,
તા. જેતપર-પાવી, જિ. વડોદરા.

૨૦૭૭ સાર્વજનિક પુસ્તકાલય
મુ.પો. સિહોદ,
તા. જેતપર-પાવી, જિ. વડોદરા.

૨૦૭૮ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. વાઘોડી,
તા. જેતપર-પાવી, જિ. વડોદરા.

૨૦૭૯ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. રતનપુર,
તા. જેતપર-પાવી, જિ. વડોદરા.

૨૦૮૦ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. કુંડલ,
તા. જેતપર-પાવી, જિ. વડોદરા.

૨૦૮૧ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. આસાર,
તા. છોટાઉદેપુર, જિ. વડોદરા.

૨૦૮૨ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. ધનપુર,
તા. છોટાઉદેપુર, જિ. વડોદરા.

૨૦૮૩ સાર્વજનિક પુસ્તકાલય
મુ. પો. કોલીવારી,
તા. છોટાઉદેપુર, જિ. વડોદરા.

૨૦૮૪ સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ
એલીસબ્રીજ શોપીંગ સેન્ટર,
ત્રીજા માળે, ટાઉનહોલ સામે,
આશ્રમ રોડ, અમદાવાદ-૯.

૨૦૮૫ ગુજરાત પ્રગતિ સમાજ
૪-૩-૨૫૯, વિદ્યામંદિર લેન,
બેન્ક સ્ટ્રીટ, હૈદ્રાબાદ-૫૦૦૧૯૫

૨૦૮૬ શ્રી ગુજરાતી સમાજ (કાકીનાડા)
રાજા રંગપ્પા રાવ સ્ટ્રીટ,
વિજયવાડા- ૫૨૦૦૦૧.

૨૦૮૭ શ્રી ગુજરાતી સમાજ
દીપક ભુવન, હનુમાન ટેકરી,
હૈદ્રાબાદ-૧.

૨૦૮૮ શ્રી ગુજરાતી સમાજ
ઈશ્વરલાલ માણેકલાલ એન્ડ કંપની,
ફેન્સી બજાર, ગોહાટી.

૨૦૮૯ શ્રી ધનજી મુળજી ધર્મશાળા
ગ્રાંટ રોડ, જગન્નાથપુરી.

૨૦૯૦ શ્રી ગુજરાતી સનાતન સમાજ
બીસરા રોડ, ગુજરાત કોલોની,
રાઉરકેલા.

૨૦૯૧ શ્રી ગુર્જરભારતી ગંગામંદિર
ગુર્જર વિદ્યાનિકેતન, કટક-૧.

૨૦૯૨ શ્રી ઉતકલ ગુજરાતી સમાજ
જગન્નાથ સો મીલ, કટક રોડ,
પો. ભુવનેશ્વર-૯.

૨૦૯૩ શ્રી ગુજરાતી સમાજ
૩૫૬, મુઠ્ઠી ગંજ, કટઘર રોડ,
અલ્હાબાદ-૨૧૦૦૦૩.

૨૦૯૪ શ્રી ગુજરાતી સમાજ
કચેહરી ઘાટ, બેલનગંજ,
આગ્રા-૪.

૨૦૯૫ શ્રી ગુજરાતી સમાજ
૨૭/૫૪, કેનાલ રોડ,
પુરાની દાલમંડી, કાનપુર-૧.

૨૦૯૬ શ્રી ગુજરાતી સમાજ
શ્રી હસમુખ બી. શાહ
સી.કે. ૧૮૫, નંદલાલ સાહુલેન,
વારાણસી.

૨૦૯૭ શ્રી હરિદ્વાર ગુજરાતી
ધર્મશાળા ટ્રસ્ટ
પૂ. છગનબાપા સ્મારક ભવન,
રા.બ. જસ્સારામ માર્ગ,
હરિદ્વાર-૨૪૯૪૦૧.

૨૦૯૮ શ્રી સુરતવાલાની ધર્મશાળા
મુખ્ય મંદિર પાસે
યમુના કાંઠે, મથુરા.

૨૦૯૯ શેઠ નાનજીભાઈ કાલીદાસ મહેતા
(આર્ય સમાજ)
ગંગા કિનારે, નિરંજન-
અખાડારોડ, હરિદ્વાર.

૨૧૦૦ શ્રી ગુજરાતી સમાજ
મેઈન રોડ, ગુલબર્ગ.

૨૧૦૧ ગુજરાત બંધુ સમાજ
ફુલબાગ ગલી, બેલગાંવ.

૨૧૦૨ શ્રી ગુજરાતી મિત્રમંડળ
દેનાબેંક કેમ્પ, ગોવાડા રોડ,
બેંગલોર -૯.

૨૧૦૩ શ્રી માધસોર ગુજરાતી સમાજ
ગોપાળજી એન્ડ સન્સ,
શાંતાપેઠ, માધસોર-૧.

૨૧૦૪ શ્રી ગુજરાતી મહાજન
એસોસીએશન
નીલીકી રોડ, ન્યુ સ્ટેટ બેંક ઓફ
ઈન્ડિયા, મેંગ્લોર-૧, કાર્ણાટક.

૨૧૦૫ શ્રી રાયચુર ગુજરાતી સમાજ
૧૧-૩-૨૨, બ્રેયેર પેઠ,
સીટી ટોકીઝ રોડ,
રાયચુર-૧, કાર્ણાટક.

૨૧૦૬ ગુજરાતી સમાજ
સિદ્ધેશ્વર બિલ્ડીંગ, ૨૮/૧૦,
સ્ટેશન રોડ, હુબલી-૨૦,
કાર્ણાટક.

૨૧૦૭ શ્રી ગુજરાતી સમાજ
૮-૧૦-૪૬, સ, ગિરમાજી પેઠ,
વારગલ-૨, કાર્ણાટક.

૨૧૦૮ શ્રી ભગિની મંડળ
ફ્રિકોવિલ્લીલેન
કાલીકટ, કેરાલા.

૨૧૦૯ શ્રી કોચીન ગુજરાતી મહાજન
ન્યુરોડ, કોચીન-૨, કેરાલા.

૨૧૧૦ શ્રી ગુજરાતી મહાજન
એસોસીએશન
કોર્ટ રોડ, કન્નોર, કેરાલા.

૨૧૧૧ શ્રી ગુજરાતી મંડળ
૧૧૬, પ્રકાશન રોડ (બ્રોડવે),
મદ્રાસ-૬૦૦૧૦૮,
ટે.નં. ૫૮૪૬૮૦,૫૮૨૮૪૪,
તમિલનાડુ.

૨૧૧૨ શ્રી મદુરાઈ ગુજરાતી સમાજ
બી.એચ.પી.જી. ચર્ચલેન,
Y.S.C.A પાસે,
મદુરાઈ-૬૨૫૦૦૧
ટે.નં. ૩૦૯૫૬, તમિલનાડુ.

૨૧૧૩ શ્રી ગુજરાતી ભવન
૧૫-૧૬, સન્નિધિ સ્ટ્રીટ,
રામેશ્વરમ, ટે. નં. ૩૦૧,
તમિલનાડુ.

૨૧૧૪ શ્રી કોઈમ્બતુર ગુજરાતી સમાજ
૨૦૭-એ (૬૨૨) મેકાયાલયમ
રોડ, તથા
૧૨/૨ સીટાયન ચર્ચ રોડ નં. ૨,
આર. એસ. પુરમ, કોઈમ્બતુર-૨,
ટે.નં. ૪૨૦૪૯, તમિલનાડુ.

૨૧૧૫ શ્રી ગુજરાતી સમાજ
અન્નપૂર્ણા ગુજરાતી હોટલ,
મંદિરની પાસે, કન્યાકુમારી,
તમિલનાડુ.

૨૧૧૬ શ્રી ગુજરાતી સમાજ
૫૨, ગુર્જલી સ્ટ્રીટ,
તીરૂચીરાપલ્લી-૪,
તામિલનાડુ.

૨૧૧૭ કર્નુલ ગુજરાતી સમાજ
૩૮-૮, પટેલ સ્ટ્રીટ,
બલેરી રોડ, કર્નુલ-૧,
તામિલનાડુ.

૨૧૧૮ શ્રી ગુજરાતી સમાજ
સરદાર વલ્લભભાઈ પટેલ,
૨, રાજનિવાસ માર્ગ,
સિવિલ લાઈન્સ,
દિલ્હી-૧૧૦૦૫૪.

૨૧૧૯ શ્રી સ્વામિનારાયણ મંદિર
અતિથિગૃહ, રીંગરોડ,
સંન્યાસ આશ્રમ પાસે ,
આંતર રાજ્ય બસ સ્ટેન્ડ પાસે,
દિલ્હી-૧૧૦૦૫૪.

૨૧૨૦ શ્રી દિલ્હી ગુજરાતી સમાજ
૨, રાજનિવાસ માર્ગ,
સિવિલ લાઈન્સ,
દિલ્હી-૧૧૦૦૫૪.
ટે.નં. ૨૨૦૩૭૯

૨૧૨૧ શ્રી ગુજરાતી સમાજ
એજ્યુકેશન સોસાયટી
લોદી એસ્ટેટ નંબર ત્રણ,
ન્યુ દિલ્હી-૧૧૦૦૦૩, દિલ્હી.

૨૧૨૨ શ્રી ગુજરાતી વિકાસ મંડળ
કમલાનગર, દિલ્હી-૧૧૦૦૦૭.

૨૧૨૩ શ્રી ન્યુ દિલ્હી ગુજરાતી કલબ
સરદાર પટેલ વિદ્યાલય
૩, લોદી એસ્ટેટ,
ન્યુ દિલ્હી-૩.

૨૧૨૪ શ્રી ગુજરાતી શ્રમિક સમાજ
ભાર્ગવલેન, બુલવર્ડ રોડ,
નવી કોર્ટની પાછળ,
સીવીલ લાઈન્સ, દિલ્હી-૫૪.

૨૧૨૫ શ્રી ગુજરાતી ભવન
અશોક હોટલની પાછળ,
કોટિલ્લ્ય માર્ગ,
નવી દિલ્હી-૧૧.

૨૧૨૬ શ્રી ગુજરાતી સમાજ
એચ.એમ. મહેતા ક્વાર્ટર,
નં. ૧૨૪, સેકટર-૪૭,
ચંદીગઢ, પંજાબ.

૨૧૨૭ શ્રી ગુજરાતી મંડળ
ગુજરાત ભવન પ્લોટ નં. ૧૭,
સેકટર-૨૪/સી, બાત્રા સિનેમા
સામે, ચંદીગઢ-૧૬૦૦૨૩,
પંજાબ.

૨૧૨૮ ગુજરાતી સમાજ
અજરોડા, ફરીદાબાદ, પંજાબ.

૨૧૨૯ શ્રી આસનસોલ ગુજરાતી સમાજ
ગુજરાત ભવન, ઉપાગ્રામ,
આસનસોલ-૩, ટે.નં. ૩૦૭૨,
પશ્ચિમ બંગાળ.

૨૧૩૦ શ્રી કલકત્તા ગુજરાતી સમાજ
પી-૫, કેનીંગ સ્ટ્રીટ, તથા
૧૪, માધવલેન, ભવાનીપુરા,
કલકત્તા-૭૦૦૦૦૧,
ટે. નં. ૩૪૫૧૯૪

૨૧૩૧ શ્રી ગુજરાતી કલબ
૨૭, રવીન્દ્ર સરણી, કલકત્તા-૩૩,
ટે. નં. ૨૬૦૬૯૩,
પશ્ચિમ બંગાળ.

૨૧૩૨ શ્રી ગુજરાતી રિલીફ સોસાયટી
૨૦-ઈ, પોલોક સ્ટ્રીટ, કલકત્તા-૧
ટે. નં. ૨૬૬૫૩૯,
પશ્ચિમ બંગાળ.

૨૧૩૩ શ્રી દુર્ગાપુર ગુજરાતી સમાજ
નાચન રોડ, પોસ્ટ ઓફિસ સામે,
દુર્ગાપુર-૭૧૩૨૧૩.
પશ્ચિમ બંગાળ.

લેસર ટાઈપસેટીંગ :- જાનકી ગ્રાફીક્સ એન્ડ સ્ક્રીન પ્રિન્ટીંગ ૧૦, ત્રિવેણી પાર્ક સોસાયટી, રન્નાપાર્ક, અમદાવાદ-૬૧. ફોન :- ૭૪૫૪૬૬૯

अीश्वर का बोधक (नाम) प्रणव/ओम् है।




( समाधिपाद के सूत्रों का भावानुवाद )

(२४) क्लेश, कर्म, कर्मफल और वासना जिसमें नहीं है अैसा पुरुषविशेष/चेतनविशेष अीश्वर है।

(२५) अीश्वर संपूर्ण सर्वज्ञ है।

(२६) अीश्वर पूर्वकाल के गुरुओं के भी गुरु है और काल की मर्यादा से (जन्म–मृत्यु से) पर है।

(२७) अीश्वर का नाम प्रणव/ओम् है।

(२८) अर्थ के चिन्तन सहित ओम् का जप करना।

(२९) चिन्तन सहित जप करने से अन्तरायों का अभाव और आत्मसाक्षात्कार होता है।

प्राप्तिस्थान : ओम परिवार, ९/अ, पल्लिवडनगर, नारणपुरा, अहमदाबाद-३८० ०१३।

---

● ટ્રસ્ટના ઉદ્દેશો :-

(૧) સર્વવ્યાપક પરમ સૂક્ષ્મ ચેતન તત્ત્વ કે જેનું નામ પ્રણવ (ઓમ્ -ૐ) છે તેની પ્રતીતિ બહુજનસમાજને કરાવવા પ્રયત્ન કરવો. (૨) 'યોગ' નો પ્રચાર, પ્રસાર અને સંશોધન કરવા પ્રયત્ન કરવો. (૩) સમાજનું નૈતિક ધોરણ ઊંચું લાવવા માટે આધ્યાત્મિક જ્ઞાનનો સાહિત્ય દ્વારા પ્રચાર અને પ્રસાર કરવાનો પ્રયત્ન કરવો. (૪) આ ઉપરાંત 'બહુજનહિતાય-બહુજનસુખાય'ને લગતાં કાર્યો જેવાં કે કેળવણી, તબીબી સારવાર વગેરે કરવા માટે પ્રયત્ન કરવો.

**લવાજમ દર :-**

| | | |
|---|---|---|
| વાર્ષિક સભ્ય | (ભારતમાં) ---------- | રૂા. ૨૦-૦૦ |
| આજીવન સભ્ય | ( " ) ---------- | રૂા. ૨૫૦-૦૦ |
| વાર્ષિક સભ્ય | (પરદેશમાં) ---------- | ૧૨ $ |
| આજીવન સભ્ય | ( " ) ---------- | ૧૦૧ $ |

**લવાજમ મોકલવાનું સ્થળ :-**

(૧) **ડૉ. સોમાભાઈ એ. પટેલ**
૧/અ, પલિયડનગર,
સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલ રોડ,
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.

(૨) **નૈષધભાઈ સી. વ્યાસ**
"સ્વાશ્રય",
૩, ગંગાધર સોસાયટી, રામબાગ પાછળ,
મણીનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮.

**સૂચના :-**

(૧) લવાજમ ચેક દ્વારા અથવા મનીઓર્ડર દ્વારા " ઓ. પ્રે. પ. ટ્રસ્ટ " ના નામે મોકલવું. સાથે આપનું પૂરું નામ, સરનામું શુદ્ધ અક્ષરોમાં લખી મોકલવું.

(૨) જે સભ્યનાં રહેઠાણનાં સ્થળ બદલાયાં હોય તેમણે તેમના નવા રહેઠાણનું પૂરું સરનામું લખી મોકલવું જેથી વ્યવસ્થાપકોને અંક મોકલવામાં સરળતા રહે.

(3) " રુતમ્ભરા " ને લગતો પત્રવ્યવહાર નીચેના સરનામે કરવો.
**નૈષધભાઈ સી. વ્યાસ**
"સ્વાશ્રય",
૩, ગંગાધર સોસાયટી, રામબાગ પાછળ,
મણીનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮.

**પ. પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી સાથેના સંસ્મરણો તથા પ્રેરક પ્રસંગો આવકાર્ય છે.**

**PRINTED BOOK**

Registrar of News Papers of India under Regd.No. 48770/90
L-5/131/QTY./34/90-91

આદ્યસંસ્થાપક તથા આધ્યાત્મિક વડા
પ. પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી

**PRINTED & PUBLISHED BY :-**
Dr. S. S. Bhikshu for
AUMGURU PREMSAMARPANDHYANBHIKSHU PARIVAR TRUST
1/A, Palladnagar Society, Naranpura, Ahmedabad - 380 013.
Printed at: Kunal Offset, Odhav, Ahmedabad.
Hon. Editor : Naishadh vyas
(Reg. No. E/4416 Date 11-5-81)
I.T.E.U. 80-G (5) No. H.Q.-III 33-163/95-96 up to March 2000

To,

Pin Code